પાના ૦૮ : કિંમત રૂા. ૩.૦૦
તા. ૨૩/૧૨/૨૦૨૫, મંગળવાર
ફોન : ૨૨૮૪૨૨
www.amreliexpress.com

સત્યમ શિવમ્ સુંદરમ્
AMRELI EXPRESS DAILY

R.N.I.NO.GUJGUJ/2001/11803
Postal Reg.No. AMR/217/2024-26
E-Mail : amreliexpress7@gmail.com

જિલ્લાનાં આમઆદમીનું અખબાર

# અમરેલી એક્સપ્રેસ

અમરેલી, લાઠી, લીલીયા, દામનગર, બાબરા, સાવરકુંડલા, ધારી, ચલાલા, બગસરા, ખાંભા, રાજુલા, જાફરાબાદ, ઉના, કુંકાવાવ, વડિયા, વીજપડી પંથકમાં બહોળો ફેલાવો ધરાવે છે.

તંત્રી,પ્રકાશક,માલિક : મનોજ એચ. રૂપારેલીયા, કાર્યાલય : જીલ્લા મધ્યસ્થ બેન્ક પાછળ, અમરેલી : મુદ્રણ સ્થાન : આજકાલ પ્રિ.પ્રેસ રજપુતપરા, શેલ પેટ્રોલ પંપ પાછળ રાજકોટ ખાતેથી છપાવી અમરેલી એક્સપ્રેસ કાર્યાલયથી પ્રસિદ્ધ કર્યુ. : વિક્રમ સંવત ૨૦૮૨ પોષ સુદ-૩ વર્ષ : ૧૭ અંક : ૦૦૯

**સુવિચાર**

''સમય જ્યારે ન્યાય તોળે છે ત્યારે, એને કોઈ સાક્ષી, કોઈ ગવાહ કે કોઈ ગવાહીની જરૂર રહેતી નથી.''

:: સૌજન્ય ::
નિલકંઠ જ્વેલર્સ (લાઠીવાળા)
માણેકપરા, અમરેલી.
ફોન : ૦૨૭૯૨-૨૨૩૫૫૭

ફરસાણ • ખમણ • મીઠાઈ
શિવ ફરસાણ (ધારીવાળા)
નારણ આર્કેડ, ભીડભંજન મહાદેવના મંદિરની સામે, લીલીયા રોડ, અમરેલી.

### છેલ્લા ૨૪ કલાકમાં અપમૃત્યુનાં ૨ બનાવો

## અમરેલીનાં માંગવાપાળ ગામે વૃધ્ધનુ દાઝી જવાથી અને મોટી ખેરાળીની યુવતીએ ગળાફાંસો ખાઈ લેતા મોત

### સ્થાનિક પોલીસે નિયમાનુસાર કાર્યવાહી કરી

અમરેલી, તા. ૨૨

અમરેલી જિલ્લામાં રવિવારના રોજ અલગ અલગ બે બનાવમાં એક વૃધ્ધા તથા એક યુવતીનું મોત નિપજયાનું પોલીસમાં જાહેર થતાં સ્થાનિક પોલીસ દ્વારા ધોરણસર કાર્યવાહી હાથ ધરેલ છે.

અમરેલી તાલુકાના માંગવાપાળ ગામે રહેતાં રસીલાબેન સવજીભાઈ હરીભાઈ ગજેરા નામનાં ૬૦ વર્ષીય વૃધ્ધા ગત તા. ૨૧ના રોજ બપોરનાં ૨ વાગ્યાના સમયે ગેસનો ચુલો સળગાવવા જતાં ઓચિંતા ભડકો થતા તેઓ ગંભીર રીતે દાજી જતાં

અનુસંધાન પાના ૬ ઉપર

### બાલમુકુન્દ હવેલીનાં મુખ્યાજીની સતત રજુઆતો બાદ

## અંતે બાબરાનાં ધરાઈથી મોણપુર તરફ જતાં માર્ગનું નવિનીકરણ શરૂ કરવામાં આવતા હાશકારો

### મીડિયા જગતે સતત અહેવાલો પ્રસિધ્ધ કરતાં તંત્રની આંખ ઉઘડી



તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા–બાબરા

બાબરા, તા. ૨૨

અમરેલી જિલ્લાના બાબરા તાલુકાના ધરાઈ ગામે આશરે ૩૫૦ વર્ષથી બિરાજમાન બાલમુકુન્દ પ્રભુની હવેલી તેમજ ધરાઈ તથા આસપાસના

અનુસંધાન પાના ૬ ઉપર


અમરેલી જિલ્લામાં સર્વાધિક લોકપ્રિય દૈનિક વર્તમાનપત્ર
અમરેલી એક્સપ્રેસ
૧૭માં વર્ષમાં મંગલ પ્રવેશ નિમિતે હાર્દિક શુભકામના
અમરેલી જિલ્લાના સર્વાંગી વિકાસ માટે ૧૬ વર્ષથી દિવસ-રાત ભારે જહેમત ઉઠાવતા ''અમરેલી એક્સપ્રેસ'' દૈનિકના
૧૭માં વર્ષના મંગલ પ્રવેશ નિમિતે તંત્રી મનોજ રૂપારેલ અને તેમની ટીમને હાર્દિક અભિનંદન સહ ''અમરેલી એક્સપ્રેસ'' વર્તમાનપત્ર વધુમાં વધુ સફળતાના શિખરો સર કરે તેવી શુભકામનાઓ...
: શુભચિંતક :
શ્રી બીપીન લીંબાણી
પ્રમુખઃ નગરપાલિકા - બાબરા
મુ. બાબરા જી. અમરેલી

૨૨ કેરેટ હોલમાર્ક દાગીના નો ભાવ
1,21,300/-
(૧૦ ગ્રામ)
રહેલ તા. ૨૨/૧૨/૨૦૨૫ ના રોજ
હોલમાર્ક દાગીનાનો ભાવ
જાણવા માટે વોટ્સઅપ ડીપી જોવો
63549 73131
બાલમુકુંદ જ્વેલર્સ પ્રા.લી.
એ-૧૯, ઇન્દીરા માર્કેટ, અમરેલી,
કસ્ટમર કેર નંબર : ૬૩૫૨૪ ૩૧૩૬૬

ડોકટર હાઉસ અમરેલી ખાતે આ સપ્તાહમાં ઉપલબ્ધ સુપર સ્પેશ્યાલિસ્ટ
ડો. દેવાંગ ટાંક — ગેસ્ટ્રોલોજીસ્ટ
પેટ, આંતરડા તથા લીવરના રોગો અને એન્ડોસ્કોપીના નિષ્ણાંત
તા.૨૫/૧૨/૨૦૨૫ - ગુરૂવારે, સવારે 10:00 થી 01:00
ડો. હિરલ હાલાણી શેઠ — ન્યુરોલોજીસ્ટ
મગજ અને જ્ઞાનતંતુના રોગોના તથા નસ અને સ્નાયુના રોગોના નિષ્ણાંત
તા.૨૬/૧૨/૨૦૨૫ - શુક્રવારે, બપોરે ૦૧:૦૦ થી ૦૨:૩૦
ડો. કલ્પેશ બજાણિયા — ઓર્થો એન્ડ સ્પાઈન
સર્જન, મણકા તથા કરોડરજ્જુની સર્જરીના નિષ્ણાંત
તા.૨૭/૧૨/૨૦૨૫ - શનિવારે, સવારે 10:00 થી 12:00
ડો. ધ્રુવ દેસાઈ — પેડિયાટ્રિક ગેસ્ટ્રોલોજીસ્ટ એન્ડ હિપેટોલિજીસ્ટ
બાળકોના પેટ, આંતરડા તથા લીવરના રોગો અને એન્ડોસ્કોપીના નિષ્ણાંત
તા.૨૭/૧૨/૨૦૨૫ - શનિવારે, સાંજે ૦૪:૦૦ થી ૦૬:૦૦
(જુના દરેક રીપોર્ટ સાથે લઈને આવવા)
નામ નોંધાવવા માટે : (૦૨૭૯૨) ૨૩૧૧૧૨-૨૯૯૪૩૪
ડોકટર હાઉસ અમરેલી કાયમી કન્સલટન્ટ
ડો. ડી.એમ. ઉનડકટ (M.D.) | ડો. રૂચિતા જેઠવા (M.D.)
ડો. આર.ડી. ઘોડાસરા (M.S.) | ડો. ઋષ્ટિ પંડયા

स्वादीष्ट और पौष्टीक आहार के लिए
नारायण मुंगफली तेल
GROUNDNUT OIL
મગફળીનું 100 % શુધ્ધ સીંગતેલ
બારેમાસ ભરવા માટે શ્રેષ્ઠ
નારાયણ સોલવેક્ષ : ભાવનગર રોડ, એચ.પી.પેટ્રોલ પંપ સામે, અમરેલી. મો. 98244 29044

અમરેલી જિલ્લામાં સર્વાધિક લોકપ્રિય દૈનિક વર્તમાનપત્ર
અમરેલી એક્સપ્રેસ દૈનિકને..
17 YEARS ANNIVERSARY
૧૭માં વર્ષમાં મંગલ પ્રવેશ નિમિતે હાર્દિક શુભકામના
हार्दिक शुभकामनाएं
અમરેલી જિલ્લાના સર્વાંગી વિકાસ માટે ૧૬ વર્ષથી
દિવસ-રાત ભારે જહેમત ઉઠાવતા
''અમરેલી એક્સપ્રેસ'' દૈનિકના
૧૭માં વર્ષના મંગલ પ્રવેશ નિમિતે
તંત્રી મનોજ રૂપારેલ અને તેમની ટીમને
હાર્દિક અભિનંદન સહ
''અમરેલી એક્સપ્રેસ''
વર્તમાનપત્ર વધુમાં વધુ સફળતાના
શિખરો સર કરે તેવી શુભકામનાઓ...
: શુભચિંતક :



કૌશિક વેકરીયા
રાજયકક્ષા મંત્રીશ્રી
કાયદો અને ન્યાયતંત્ર, ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ,
વૈધાનિક અને સંસદીય બાબતો
HRPC મહાત્મા ગાંધી
રાષ્ટ્રીય માનવ અધિકાર પુરસ્કાર – ૨૦૨૫ થી પુરસ્કૃત

## દિવસ દરમિયાન વીજળી મળવાથી પ્રાણીઓનો ભય, અકસ્માત અને આરોગ્ય સમસ્યાનું નિવારણ

# અરે વાહ : કિસાન સૂર્યોદય યોજનાથી ખેડૂતોનાં જીવનમાં નવો ઉજાસ પથરાયો

અમરેલી જિલ્લાનાં ૬૦૨ ગામનાં ૧.૨૭ લાખ ખેડૂતો ગુણવત્તાયુક્ત વીજ પુરવઠાથી થયા લાભાન્વિત

આઝાદીનાં ૭૮ વર્ષ બાદ ખેડૂતોને વીજળીને લગત સમસ્યાનું થયું નિરાકરણ

ખેતી પ્રધાન જિલ્લામાં ખેડૂતોને નિયમિત વીજળી મળવાથી ખેત ઉત્પાદનોમાં પણ થશે વધારો

અમરેલીનાં ધારાસભ્ય કૌશિક વેકરિયા ઉર્જામંત્રી હોય વીજને લગતી નાગરિકોની તમામ ફરિયાદો દૂર થઈ જશે



આલેખન જય મિશ્રા–અમરેલી

અમરેલી, તા. ૨૨

અમરેલી જિલ્લાના પીઠવાજાળમાં ખેતી ધરાવતા ખેડૂત જગદીશભાઈ દૂધાત ૨૦ વીઘા જમીનમાં ખેતી કરે છે. તેમણે ખેતીકામ શરૂ કર્યુ ત્યારથી જમીનમાં રાત્રે જ પાણી વાળ્યું હતું. દિવસે કૃષિ કનેકશનોમાં અવિરત વીજળી ન મળ વાના કારણે રાત્રિના ખેતરમાં ઉજાગરા કરી અને પરિશ્રમ કરવો પડતો હતો. જો કે, રાજય સરકાર દ્વારા અમલમાં મૂકાયેલી 'કિસાન સૂર્યોદય યોજના' જગદીશભાઈ અને તેમના જેવા લાખો ખેડૂતોના જીવનમાં નવો ઉજાસ લાવી રહી છે. આ યોજનાએ ખેતી માટે જરૂરી વીજ પુરવઠાની વર્ષોથી ચાલી આવતી સમસ્યાનો સ્થાયી અને અસરકારક ઉકેલ આપ્યો છે.

અગાઉ મોટાભાગના ખેડૂતોને રાત્રિ સમયે ખેતી માટે વીજ પુરવઠો મળતો હતો. જેના લીધે રાત્રિના સમયે સિંચાઈ કરવામાં રાત ઉજાગરા કરવા પડતા હતા. અમરેલી જિલ્લો ગીર ભૂમિ હોવાથી જંગલી પ્રાણીઓનો પણ ભય રહેતો, રાત્રિના સમયે કયારો ફૂટી જાય તો બેટરીના અજવાસમાં તેને બાધવાની સમસ્યા પણ થતી. તેમજ આરોગ્ય પર પડતા પ્રભાવ જેવી અનેક મુશ્કેલીઓનો સામનો કરવો પડતો હતો. કિસાન સૂર્યોદય યોજના હેઠળ ખેડૂતોને દિવસ દરમિયાન નિશ્ચિત અને ગુણવત્તાયુકત વીજ પુરવઠો મળતા આ તમામ સમસ્યાઓમાં નોંધપાત્ર ઘટાડો થયો છે.

આ અંગે ખેડૂત જગદીશભાઈ દૂધાતે જણાવ્યું કે, મારૂં રહેણાંક અમરેલી છે. રાત્રિના વીજળી મળતી હોવાથી ગામડે વાડીએ જવું પડતું હતું. વધુમાં આરોગ્ય પર અસર થતી અને વોલ્ટેજ પણ ઓછા વત્તા રહેતા હતા. દિવસે નિશ્ચિત સમય વીજ પુરવઠો મળવાથી આ સમસ્યાનું નિવારણ આવ્યું છે.

પશ્ચિમ ગુજરાત વીજ કંપનીના અમરેલી કાર્યાલય દ્વારા આપવામાં આવેલી માહિતી અનુસાર, અમરેલી જિલ્લાના ૬૦૨ ગામના ૧,૨૭,૮૮૯ ખેડૂતોને નિશ્ચિત અને ગુણવત્તાયુકત વીજ પુરવઠો દિવસ દરમિયાન મળી રહ્યો છે. આ પૈકીના ૮૨,૬૦૪ ખેડૂતોને સિંગલ શીફટમાં જયારે ૪૫,૨૮૫ ખેડૂતોને બે શીફટમાં દિવસે વીજળી આપવામાં આવી રહી છે.

આ અંગે અમરેલીના ખેડૂત અરવિંદભાઈ પોકળે જણાવ્યું કે, હાલ મારે ૦૭ વીઘા જમીનમાં ઘઉં છે. શહેરની ભાગોળે આવેલી જમીનમાં હું દિવસે પાણી વાળી શકું છું. દિવસે વીજળી હોવાથી પાણીનો બગાડ પણ થતો નથી અને કયારો ફૂટે તો નરી આંખે જોઈ શકાય છે. આ યોજના ખેડૂતો માટે આશિર્વાદ સમાન છે.

કિસાન સૂર્યોદય યોજનાથી ખેડૂતોના ખેતી ખર્ચમાં પણ ઘટાડો થયો છે. ડીઝલ પંપ કે અન્ય વૈકલ્પિક સાધનો પર થતો ખર્ચ હવે બચી રહ્યો છે. સાથે જ ખેતી યંત્રોનો યોગ્ય અને સમયસર ઉપયોગ શકય બન્યો છે, જેનાથી ખેતી વધુ વ્યવસ્થિત અને લાભદાયી બની છે.

આ રીતે કિસાન સૂર્યોદય યોજના માત્ર એક વીજ પુરવઠાની યોજના નહીં પરંતુ ખેડૂતોના સર્વાંગી વિકાસની દિશામાં રાજય સરકારની દઢ પ્રતિબદ્ધતાનું પ્રતિબિંબ છે. ખેતીને વધુ સુરક્ષિત, સમૃદ્ધ અને આત્મનિર્ભર બનાવતી આ યોજના ગુજરાતના ગ્રામ્ય વિકાસમાં માઈલસ્ટોન સાબિત થઈ રહી છે.

પૂર્વ વડાપ્રધાન અટલબિહારી વાજપેયની જન્મ જયંતીને રાજય સરકાર દ્વારા સુશાસન દિવસ તરીકે ઉજવવામાં આવે છે ત્યારે વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ રાજયના તત્કાલીન મુખ્યમંત્રી તરીકે આરંભેલી વિકાસયાત્રા મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના દિશાનિર્દેશમાં ' અટલ નેતૃત્વ થકી અવિરત વિકાસ' કરી રહી છે.


### જિલ્લામાં દીપડા દ્વારા અવારનવાર હુમલા

## ગોપાલગ્રામનાં સીમ વિસ્તારમાં પાંચ વર્ષનાં બાળકને દીપડાએ મોતને ઘાટ ઉતાર્યો

### વન વિભાગ વ્યવહારૂ ઉકેલ શોધે તે જરૂરી

અમરેલી, તા. ૨૨

અમરેલી જિલ્લાનાં ગીરકાંઠાના વિસ્તારમાં છાશવારે વન્ય પશુઓ માનવ વસ્તીવાળા વિસ્તારમાં ઘુસી આવી લોકોનાં જાનમાલને નુકસાન કરતાં હોય છે. ત્યારે આવી વધુ એક ઘટનાથી લોકોમાં વાડી ખેતરમાં કામ કરતાં પણ ડરી રહયાં છે. ત્યારે જિલ્લાનાં ધારી તાલુકાના ગોપાલગ્રામ ગામનાં સરંભડા રોડ ઉપર સીમ વિસ્તારમાં આવેલ તુવેર વાવેલ ખેતરમાં રમતાં એક સાડા પાંચ વર્ષના બાળકને એક કદાવર દીપડાએ બાળકની માતાની નજર સામેથી ઉપાડી લઈ જઈ અને આ બાળકને ફાડી ખાતા આ પંથકમાં ભારે અરેરાટી ફેલાય જવાં પામી હતી. જયારે વન વિભાગે આ માનવભક્ષી દીપડાને પીંજરે પુરવા માટે આ વિસ્તારમાં સ્કેનીંગ કરી ત્રણ પીંજરા ગોઠવી દઈ અને ગણતરીની કલાકોમાં જ આ માનવભક્ષી દીપડાને પીંજરે પુરી દેતાં લોકોએ રાહતનો દમ લીધો હતો.



આ બનાવમાં સૂત્રોમાંથી મળતી વિગત મુજબ ધારી તાલુકાના ગોપાલગ્રામ ગામનાં સરંભડા રોડ ઉપર સીમ વિસ્તારમાં આવેલ લગરાભાઈ વાઘેલાની વાડી ખેતરમાં રહેતાં પરપ્રાંતિય રાકેશભાઈ કાટારા નામનાં ખેત મજૂરનો સાહિલ નામનો સાડા પાંચ વર્ષના બાળક ગઈકાલ સવારે નવ વાગ્યાનાં અરસામાં તુવેર વાવેલ ખેતરમાં રમતો હતો. ત્યારે તુવેરના પાકમાંથી અચાનક જ એક કદાવર દીપડાએ આવી અને તરાપ મારી અને બાળકની માતાની નજર સામે મોં માં દબોચી અને ઉપાડી જતા બાળકીની માતાએ પોતાનાં વહાલસોયા પુત્રને બચાવવાં માટે થઈ હાંકલા પડકારા કરતાં આજુબાજુમાંથી ખેડૂતો અને મજૂરો મદદ કરવાં દોડી આવી બાળ કને બચાવવાં પ્રયાસ કરતાં દીપડો બાળ કને મૂકી નાશી ગયો હતો.

ઈજાગ્રસ્ત બાળકને તાત્કાલિક સારવાર માટે દવાખાને ખસેડવામાં આવતાં ફરજ પરનાં તબીબે બાળકને મૃતજાહેર કરતાં આ બાળકને ફાડી ખાઈ જવાની ઘટનાના પગલે આ પંથકમાં ભારે અરેરાટી ફેલાય જવાં પામી છે. જયારે વિભાગે આ માનવભક્ષી દીપડાને પીંજરે પુરવા માટે આ વિસ્તારમાં સ્કેનીંગ કરી ત્રણ પીંજરા ગોઠવી દઈ અને ગણતરીની કલાકોમાં જ આ માનવભક્ષી દીપડાને પીંજરે પુરી દેતાં લોકોએ રાહતનો દમ લીધો હતો.

### રૂક જાના નહિ તુ કહી હાર કે, કાંટો પે ચલકે મિલેંગે સાંયે બહાર કે

## બાબરા પંથકનાં ખેડૂતો માવઠાનું નુકસાન વેઠીને પૂનઃ બેઠા થયા અને શિયાળુ પાક માટે કામે લાગ્યા

### જીરૂ, ચણા, ઘઉં અને ધાણા જેવા પાક માટે નિંદામણ સહિતની કામગીરી શરૂ



તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા–બાબરા

બાબરા, તા. ૨૨

બાબરામાં પંથકમાં માવઠાના મારના કારણે મોટાભાગના ખેડૂતોને મગફળી, કપાસના પાક બગડયા હતો ઘણું બધું આર્થીક નુકસાન વેઠવાનો વારો પણ ખેડૂતોને આવ્યો હતો તેમ છતાં ખેડૂતો બધું ભૂલી પાકના નુકસાનને એક બાજુ મૂકી શિયાળુ પાક લણવાની તૈયારીઓમાં લાગી ગયો છે.

બાબરામાં ખેડૂત અગ્રણી દિનેશભાઈ પોકિયાએ જણાવ્યું હતું કે, માવઠાના મારનાં કારણે ખેડૂતોને આર્થીક નુકસાન ચોક્કસ થયું છે પણ રાજય સરકાર દ્વારા પૂરતી સહાય અને ટેકાના ભાવે કપાસ અને મગફળીની ખરીદી શરૂ કરી હોવાથી ખેડૂતોને પૂરતી મદદ મળી રહી હતી.

હાલ તાલુકાના શિયાળુ પાકમાં જીરૂં, ઘઉં, ચણા મુખ્ય પાકનું વાવેતર કરવામાં આવ્યું છે અને અમુક ટકા ધાણાનું વાવેતર કરવામાં આવે છે. હાલ તમામ શિયાળુ પાક સારા છે ખેડૂતો મનેહત કરી રહ્યા છે.

બાબરા પંથકમાં સિમ અને વાડી વિસ્તારમાં શિયાળુ પાક લહેરાય રહ્યા છે. ખેડૂતો પાકમાં દવા છંટકાવ, નિંદામણ સહિતની કામગીરી કરતા જોવા મળી રહ્યા છે.

### લોન લઈ નિયત હપ્તા ભરવામાં ઠાગાઠૈયા

## અમરેલી નાગરિક સહકારી બેન્કનાં નિયમિત હપ્તા ન ભરનાર ડીફોલ્ટર સામે કોર્ટમાં ફરિયાદ

### વ્યાજ ભરવા કે સીસી રીન્યુ કરવામાં ઠાગાઠૈયા કરનારમાં ફફડાટ

અમરેલી, તા. ૨૨

અમરેલી નાગરિક બેન્કનાં ડિરેકટર પી. પી. સોજીત્રાની સુચનાથી બેંકના રીકવરી અધિકારીએ બેન્કનાં ૩ ડીફોલ્ટરો સામે કોર્ટમાં ફરિયાદ નોંધાવતા બેન્કમાં વ્યાજ ન ભરતા, લોનનાં હપ્તા ન ભરનાર કે સી.સી. રીન્યુ ન કરનાર બાકીદારોમાં ફફડાટ ફેલાયો છે.

બેન્કની લોનનાં નિયમિત હપ્તા ન ભરનાર નિર્મળકુમાર અશોકભાઈ શુકલ, શાહનવાજ ઈકબાલભાઈ કુરેશી અને સાહીલ ઈકબાલભાઈ કુરેશી સામે ચેક રીટર્ન કેસમાં ચીફ કોર્ટમાં ફરિયાદ દાખલ કરવામાં આવી છે.

બેંકની રીકવરીની કામગીરી અંગે દેખરેખ રાખનાર ડિરેકટર પી. પી. સોજીત્રાની યાદી જણાવે છે કે હજુ પણ ટુંક સમયમાં એવા સી.સી. ધારકો કે જેઓ લાંબા સમયથી સી.સી. રીન્યુ કરાવતા ન હોય કે વ્યાજ અને સ્ટોકપત્રક નિયમિત આપતા ન હોય તેઓની સામે કોઈપણની શેહશરમ વગર વસુલાત અંગેના સખ્ત પગલા ભરવામાં આવશે જેની લોન બાકીદારો, ડીફોલ્ટરોએ નોંધ લેવી.






### અમરેલીની સ્પે. પોકસો કોર્ટમાં કેસ ચાલી જતાં

## બાબરા પંથકની તરૂણીનું અપહરણ કરનાર આરોપીને ૧૦ વર્ષની સખ્ત કેદ

### ભોગ બનનાર તરૂણીને ૪ લાખ વળતર ચુકવવા આદેશ

અમરેલી, તા. ૨૨

બાબરા ગામે નીલવડા રોડ ઉપર રહેતાં કરણ રમેશભાઈ ચૌહાણ નામનો ઈસમ બાબરા પંથકમાં રહેતી એક ૧૬ વર્ષની તરૂણીને ગત તા. ૨૫/૪/૨૨ ના રોજ લલચાવી ફોસલાવી બદકામ કરવાના ઈરાદે તેણીના માતા–પિતાના વાલીપણામાંથી અપહરણ કરી ભગાડી લઈ ગયાની જે તે સમયે પોલીસમાં ફરિયાદ નોંધાઈ હતી.

આ અંગેનો કેસ અત્રેની એડી. સેશન્સ કોર્ટ તથા સ્પે. પોકસો કોર્ટમાં ચાલી જતાં સરકારી વકીલ મમતાબેન ત્રિવેદીની ધારદાર દલીલો અને પુરાવાનાં આધારે આરોપી કરણ રમેશભાઈ ચૌહાણ ભારતીય દંડ સંહિતાની કલમ–૩૬૩, ૩૬૬ તથા ૩૭૬(૨)(એન) તથા પોકસો એકટની કલમ–૪, ૮ તથા ૧૮ મુજબ મુજબ શિક્ષાપાત્ર ગુનામાં ૧૦ વર્ષની સખત કેદની સજા તથા રૂપિયા ૧૫૦૦૦ ના દંડની સજાનો હુકમ કર્યો હતો.

આ બનાવમાં ભોગ બનનાર તરૂણીને રૂપિયા ૪ લાખ વળતર ચૂકવવાં પણ આદેશ કરવામાં આવેલ છે.

## બેના રે સાસરીયે જાતા જોજો આંખો ના ભિંજાય દીકરી તો પારકી થાપણ કહેવાય

# સુરત : સવાણી પરિવારે ર દિવસમાં ૧૩૩ દીકરીઓને ભાવસભર વિદાય આપી


**પરિવારજનનાં અંગદાનની સંમતી આપનાર બહેનોનાં હસ્તે દીપ પ્રાગટય કરાયુ**

**૧૩૩ દીકરીને પિતા સાથે નવો પરિવાર મળ્યો વિદાયવેળા સર્જાયા લાગણીસભર દ્રશ્યો**

**એક ખ્રિસ્તી સહિત પ૬ દીકરીઓને સવાણી પરિવારે વિદાય આપી**

**દરેક દીકરીનાં માથે હાથ મુકીને મહેશ સવાણીએ લાગણીભરી વિદાય આપી**








સુરત, તા. ૨૧

પી.પી. સવાણી પરિવારના આંગણે દર વર્ષે યોજાતા પિતાની છત્રછાયા ગુમાવેલી દીકરીના ભવ્ય લગ્ન સમારોહમાં આજે બીજા દિવસે સમાજના અનેક મહાનુભાવો અને અધિકારીઓની હાજરીમાં કન્યા વિદાયના લાગણીશીલ દ્રશ્યો સર્જાયા હતા. દરેક દીકરીના માથે હાથ મુકીને મહેશ સવાણી પિતા તરીકેની હુંફ આપીને દરેક દીકરીને લગ્ન પછીની તમામ જવાબદારી ઉઠાવવાની ખાતરી પણ આપતા હતા. આ અનોખા લગ્ન સમરોહ યોજાય છે સમુહમાં પણ એમાં દરેક દીકરીને પોતીકો પ્રસંગ લાગે એવી રીતે ઉજવાય છે.

સ્વાગત કરતા પી.પી. સવાણી પરિવારના મહેશભાઈ સવાણીએ જણાવ્યું હતું કે, કોયલડી લગ્ન સમારોહમાં પરણતી ૧૩૩ કન્યા પૈકી ૯૦ ટકા કન્યા એવી છે જેમના પરિવારમાં પિતા કે ભાઈ કોઈ નથી. અનેક જ્ઞાતિ, સમાજ અને પ્રદેશની દીકરીઓ એક જ માંડવે પરણીને સાસરે જઈ રહી છે. મહેશભાઈએ જણાવ્યું હતું કે, દીકરીઓની પસંદગીના અનેક ધોરણ નક્કી થયા છે એમાં દીકરીના પિતા ન હોય એ પ્રાથમિકતા છે એ પછી જે દીકરીનો ભાઈ ન હોય એવી દીકરીને પ્રાધાન્ય આપીએ છીએ.

આજના લગ્ન સમરોહમાં પ૬ દીકરીએ પ્રભુતામાં પગલા માંડયા છે. આ કાર્યક્રમની શરૂઆતમાં દીપ પ્રાગટય એવી ૧૬ બહેનોના હસ્તે થયું હતું કે જેમને પોતાના પરિવારજનના અંગદાનની સંમતિ આપી હતી. સુરતમાં પ્રવૃત એવી જીવનદીપ ઓર્ગન ડોનેશન સંસ્થા દ્વારા અંગદાન માટે સતત જાગૃતિની પ્રવૃત્તિ થતી રહે છે એમણે લગ્ન સમારોહમાં પણ અંગદાન જાગૃતિની પ્રવૃત્તિ કરી હતી.

રવિવારની મોડી સાંજે લગ્ન અને ઉત્સવના ગીત ગુંજતા હતા એ ધીમે-ધીમે વિદાયના સુરમાં પરિવર્તિત થઈ ગયા અને શાંતિને ભેદીને મંડપમાં ડૂસકાંઓની નાની નાની લહેરો ઉઠવા લાગી. ખુશીના રંગો વિદાયની વેદનામાં રૂપાંતરિત થયા. દીકરીઓ એક પછી એક પોતાની માતાને, બહેનોને, સ્નેહીજનોને ભેટીને રડી રહી હતી, પરંતુ જયારે દીકરીઓ પાલક પિતા એવા મહેશભાઈને મળવા આગળ વધી, ત્યારે લાગણીઓના બંધ તૂટી પડયા. દીકરી અને મહેશભાઈ બંનેની આંખોમાંથી આંસુઓનો ધોધ વહેવા લાગ્યો. એ માત્ર આંસુ નહોતા એમાં પિતૃત્વનો સાગર અને નિષ્કામ પ્રેમનો પ્રકાશ હતો. મહેશભાઈ દરેક માંડવામાં પહોંચીને, દરેક દીકરીના માથે હાથ મૂકી, આશીર્વાદ વરસાવી રહ્યા હતા.

**તુલસી અર્પીને સાસુએ વહુને સ્વીકારી**

માહ્યરામાં લગ્નવિધિ પહેલા સાસુએ વહુને તુલસી છોડ અર્પણ કરીને સ્વાગત કરીને સ્વીકારી હતી, આ સ્વીકાર માત્ર વહુ તરીકે નહિ પણ એ વહુની તમામ જવાબદારી સાથે એનો સ્વીકાર પ્રતીકાત્મક રીતે મહેશભાઈ સવાણીએ કરાવ્યો હતો. જેને "તુલસીનો કયારો" કહેવાય છે, એવી દીકરીઓને સાસુઓએ હાથ પકડી લગ્ન મંડપ સુધી દોરી. કોઈ લગ્ન પ્રસંગમાં સાસુઓને આટલું સન્માન અપાયું હોય એવો કદાચ આ પહેલો અવસર હશે.

**પિતા, પુત્ર અને દીકરીઓના પુસ્તકનું વિમોચન**

જાણીતા લેખક-વકતા શૈલેષભાઈ સગપરિયાએ લખેલું વલ્લભભાઈ સવાણીના જીવનચરિત્ર પુસ્તક 'આરોહણ' અને મહેશભાઈ સવાણીના જીવનચરિત્ર પર ડો. જિતેન્દ્ર અઢિયાએ લખેલા પુસ્તક 'પ્રેરણામૂર્તિ' અને પિતા વિહોણી દીકરીઓના લાગણીસભર પત્રોના પુસ્તક 'કોયલડી'નું વિમોચન મહાનુભાવોના હસ્તે થયું હતું. પિતા, પુત્ર અને દીકરીઓના પત્રનું સંકલન કરતુ એવું વિશેષ પુસ્તકનું એક જ મંચ ઉપર એક જ સાથે વિમોચન થયું હોય એવું વિરલ ઘટના બની હતી.


ટ્રસ્ટ, NGO, સ્કૂલ, માટે ખાસ
નવા ટ્રસ્ટ બનાવવા, ચેરીટી કમીશ્નરમાં નોંધણી કરાવવી ઓડીટ કરાવવા, મંદિર, મસ્જિદ, ગૌશાળા, હોસ્ટેલ, સ્કૂલ વગેરેના એકાઉન્ટ કરી આપવામાં આવશે.
ઈન્કમ ટેકસના સર્ટિફીકેટ, 12AB,80G, ઈન્કમ ટેકસના રીટર્ન વગેરે...
જુના બંધ પડેલા ટ્રસ્ટમાં વાર્ષિક હિસાબો, અન્ય રેકર્ડ વગેરે વ્યકિતગત કરી આપવામાં આવશે.
વેપારી એકાઉન્ટ, GST રીટર્ન, પાનકાર્ડ વગેરે કરી આપાવામાં આવશે.
શ્રીનાથજી કોમ્પ્યુટર્સ
૪૦,પહેલા માળે, હિરકબાગ શો. સેન્ટર, માર્કેટયાર્ડ રોડ, અમરેલી
ભરત બી. પારેખ - ૯૪૨૮૩ ૪૦૯૩૪



લોકલ ફોર વોકલ ॥ જય પરશુરામ ॥ સુવિધા સાથે વિવિધતા
મહાજન ઈ-સ્ટેમ્પ
ઉપલબ્ધ સુવિધાઓ
CSC E-governance Services India Limited
E-STAMP
પાનકાર્ડ | લાઈટ/ગેસ બીલ
પાસપોર્ટ | રેલ્વે/બસ/એર બુકીંગ
વાહન ઈન્શ્યોરન્સ | મની ટ્રાન્સફર
ફાસ્ટેગ | જીવન પ્રમાણપત્ર સર્ટી.
દરેક પ્રકારના રીચાર્જ | IT / GST રીટર્ન
વ્હાઈટ હાઉસ, એસ.ટી. બસ સ્ટેન્ડ સામે, સ્ટેશન રોડ, અમરેલી - ૩૬૫૬૦૧. (ગુજરાત)
95 86 86 86 45








જય માં ગાત્રાડ આઈ એસ્ટેટ બ્રોકર
અમરેલીના કોઈપણ વિસ્તારમાં પ્લોટ-મકાન-દુકાન કે ઓફિસ ભાડે દેવા કે લેવા ખરીદવા કે વેચવા માટે મળો...
અનિલસિંહ જનવાર : Mo.9426831241



ભારતમાં સૌથી સારો મેડીકલેઇમ
મેડીકલેઇમ લેતી વખતે જો તમોને
(૧) ડાયાબીટીસ (૨) હાયપર ટેન્શન (B.P.) (૩) અસ્થમા (૪) કોલેસ્ટ્રોલ
જેવી ઉપરની ચાર બીમારી હોય તો તમો અમારો સંપર્ક કરો કારણ કે આ ચારેય બીમારીઓમાં પણ અમારા મેડીકલેઇમમાં ફકત-૩૦ દિવસ પછી સારવારનો ખર્ચ મળશે.
કેશલેશની સગવડ
સંપર્ક : પાર્થ ઇન્વેસ્ટમેન્ટ
જય કોમ્પ્લેક્ષ, ગાંધીબાગ પાસે, અમરેલી.
અશ્વિનભાઇ પંડયા મો. ૯૪૨૬૯ ૬૩૬૧૧ | પાર્થ પંડયા મો. ૮૪૬૦૫ ૫૦૬૬૦




















# અમરેલીમાં 'આત્મનિર્ભર ભારત સંકલ્પ અભિયાન' અંતર્ગત વેપાર ઉદ્યોગ સંમેલન યોજાયું



અમરેલી, તા. ૨૨

અમરેલી જિલ્લા ભારતીય જનતા પાર્ટી દ્વારા 'આત્મનિર્ભર ભારત સંકલ્પ અભિયાન' અંતર્ગત વેપાર ઉદ્યોગ સંમેલનનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સંમેલનમાં વેપારીઓ, ઉદ્યોગકારો તથા પાર્ટીના આગેવાનોની મોટી સંખ્યામાં હાજરી રહી હતી. સંમેલનનો મુખ્ય હેતુ આત્મનિર્ભર ભારત અને વિકસિત ભારતની સંકલ્પનાને વધુ મજબૂત બનાવવાનો રહ્યો હતો.આ પ્રસંગે ગુજરાત સરકારના મંત્રી કૌશિકભાઈ વેકરીયા વિશેષ ઉપસ્થિત રહ્યા હતા. તેમણે પોતાના સંબોધનમાં જણાવ્યું હતું કે કેન્દ્ર અને રાજય સરકાર દ્વારા ઉદ્યોગ, વેપાર અને સ્ટાર્ટઅપ ક્ષેત્રે અનેક લોકહિતકારી યોજનાઓ અમલમાં મૂકવામાં આવી છે, જેના કારણે દેશ આત્મનિર્ભરતાની દિશામાં ઝડપથી આગળ વધી રહ્યો છે.

સંમેલનમાં મુખ્ય વક્તા તરીકે સાવરકુંડલાના ધારાસભ્ય મહેશભાઈ કસવાલાએ સુંદર અને પ્રેરણાદાયક માર્ગદર્શન આપ્યું હતું. તેમણે સ્થાનિક ઉદ્યોગોને પ્રોત્સાહન, સ્વદેશી ઉત્પાદન અને રોજગાર સર્જન પર ભાર મૂકયો હતો. સમગ્ર સંમેલન ઉત્સાહપૂર્ણ માહોલમાં સંપન્ન થયું હતું અને વેપાર–ઉદ્યોગ ક્ષેત્રે નવી દિશા આપતું સાબિત થયું હતું.

## લીલીયા ખાતે આમ આદમી પાર્ટીના કાર્યાલયનું ઉદઘાટન થયું



અમરેલી, તા.૨૨

લીલીયા ખાતે આમ આદમી પાર્ટીના નવા કાર્યાલયનું ભવ્ય ઉદઘાટન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં આમ આદમી પાર્ટીના અનેક મુખ્ય પદાધિકારીઓ અને કાર્યકર્તાઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

આ કાર્યક્રમમાં પ્રદેશ મહામંત્રી મનોજભાઈ સોરઠીયા, જિલ્લા પ્રમુખ નિકુંજભાઈ સાવલિયા, મહામંત્રી હિરેનભાઈ વિરડિયા લીલીયા તાલુકા આપ પ્રમુખ વિજયભાઈ વિરાણી, ઉપપ્રમુખ સંજયભાઈ નાકરાણી, મહામંત્રી રાજુભાઈ ગરણીયા, જિલ્લા પ્રમુખ અરૂણાબેન પંડયા તેમજ તાલુકા મહિલા પ્રમુખ શ્રીમતી પ્રતિભાબેન જોશી ઉપસ્થિત રહ્યા હતા.

આ ઉપરાંત યોગેશભાઈ દવે, કેશુભાઈ શેખલિયા, કનુભાઈ શિંગાળા, રસિકભાઈ, જગદીશભાઈ ઠાકોર તથા વાલ્મિકી સમાજના પ્રમુખ સચીનભાઈ વાળા, સુરેશભાઈ જુના સાવર સહિત અનેક કાર્યકર્તાઓ તથા સ્થાનિક નાગરિકોની મોટી સંખ્યામાં ઉપસ્થિતિ એ કાર્યક્રમને ભવ્ય બનાવ્યો હતો. આ કાર્યક્રમમા આમ આદમી પાર્ટીની વિચારધારા, સંગઠન મજબૂત કરવાની દિશા અને આગામી સમયમાં જનહિતના મુદ્દાઓ માટે સક્રિય રીતે કામ કરવાની પ્રતિબદ્ધતા વ્યક્ત કરી હતી તેમ ઈમરાન પઠાણની અખબારી યાદીમાં જણાવેલ છે.

# બાબાપુર : સર્વોદય સરસ્વતી મંદિરમાં નવપલ્લવન કાર્ય શિબિર યોજાઈ



અમરેલી, તા. ૨૨

શિક્ષકની જીવંતતા સમાજ અને રાષ્ટ્રને જીવંતતા બક્ષે તે માટે સર્વોદય સંસ્થા સંચાલિત ૧૬ શાળાના તેમજ અન્ય શાળાના ૧૨૫ જેટલા શિક્ષકો, હિસાબનીશો, સેવકોની કાર્ય શિબિર તારીખ ૨૦,૨૧ના રોજ બે દિવસીય કાર્ય શિબિર યોજાઈ. શિબિરના પ્રથમ દિવસે મુખ્ય વકતા તરીકે શિક્ષણ વિદ ડો. ભદ્રાયુ ભાઈ વચ્છ રાજાની તેમજ ભાવનગર યુનિવર્સિટીના ભાષા શાસ્ત્રના અધ્યક્ષ ડો. મહેન્દ્રસિંહ પરમાર તથા શિબિરના બીજા દિવસે લોકભારતી યુનિવર્સિટીના સહ કુલપતિ વિશાલભાઈ ભાદાણી તથા રજા સેશનમાં નિવૃત પ્રાધ્યાપીકા શરીફા બેન વીજળીવાળા તેમજ મહેસાણા કોલેજના નિવૃત પ્રાધ્યાપીકા મીનલબેન દવે દ્વારા શિક્ષકોને સંબોધન કર્યુ. ભદ્રાયુ ભાઈએ શિક્ષકોને સંબોધન કરતા જણાવ્યું કે તમારી અભિવ્યકિત શ્રેષ્ઠ બનાવો, દરેક વિષયમાં માસ્ટરી કેળવો, હંમેશા રોજ કંઈક નવું શીખીને જવું જોઈએ, અને વિદ્યાર્થીઓ સાથે જોડાયેલા રહો, તેમજ ટેકનોલોજીનો ઉપયોગથી મોટી કોઈ શિબિર નથી, કોમ્પ્યુટરનો ઉપયોગ આવડવો જોઈએ, તેમ જણાવી શિક્ષકોનો ઉત્સાહ વધાર્યો. ડો. મહેન્દ્રસિંહ પરમાર દ્વારા જણાવવામાં આવ્યું કે સ્વીકાર પોતાનો પૂર્ણ ના હોય તો અન્ય ને તો કઈ રીતે સ્વીકારી શકો, આમ સમયની માંગ મુજબ વ્યવસાયિક સજ્જતા કેળવવાની વાત કરી. શિબિરના બીજા દિવસે પ્રથમ સેશનમાં વિશાલભાઈ ભાદાણી દ્વારા ગુજરાતની તથા ગુજરાત બહારની સંસ્થાઓની કાર્યપ્રણાલી જણાવી, સારી કામગીરીથી વાકેફ કર્યા, મુખ્ય પ્રવાહોના નબળાઈથી થાકીને વૈકલ્પિક શૈક્ષણિક વ્યવસ્થા કરતી શૈક્ષણિક સંસ્થાઓની માહિતી આપી, શિક્ષકોને તે મુજબ કાર્ય કરવા માટે તૈયાર રહેવા માર્ગદર્શન આપ્યું, પ્રો મીનલ દવે દ્વારા જણાવ્યું કે વિદ્યાર્થીઓ સાથે સંવેદનાથી જોડાઓ, જે મા–બાપ નથી કરી શકતા તે શિક્ષકોએ કરવાનું છે, ભણાવવાના પણ છે, વિદ્યાર્થીઓની ક્ષતિ દૂર પણ કરવાની છે, સાથે સાથે તેમને માનવ પણ બનાવવાના છે, અને તે માટે શિક્ષકે નવા રસ્તા શોધવા પડશે. વિદ્યાર્થી પડકાર લઈને આવે છે, સોશિયલ મીડિયામાંથી માહિતી મળે છે, પરંતુ સંવેદના મળતી નથી. તે માટે શિક્ષકોએ વિદ્યાર્થીઓ સાથે સંવેદનાથી જોડાવાની હાકલ કરી. શરીફાબેન વીજળીવાળાએ પોતાના વકતવ્યમાં સ્વર્ગ સમાન રાષ્ટ્ર કેવું હોવું જોઈએ. રાષ્ટ્ર નાતજાત, ધર્મ જાતિવાદના ભાગલા ન પડેલા હોવા જોઈએ, ધર્મના વાડામાં વિભાજીત ન થયેલું હોવું જોઈએ તેમ જણાવી શિક્ષક તરીકે શિક્ષકોની જવાબદારી શું છે, તે વિશે પ્રેરક વકતવ્ય આપ્યું સંસ્થાના નિયામક આદરણીય મંદાકિનીબેન દ્વારા શિક્ષકોને પ્રેરક વકતવ્ય આપતા, આપણો સૌ પરિવાર છે અને શાળામાં વિદ્યાર્થી માટે પૂરી નિષ્ઠાથી આપણી ફરજ બજાવીએ એની હાકલ કરી, શિબિરમાં વિશેષ ઉપસ્થિતિમાં નીતિનભાઈ બોરાણીયા કાલી પ્રસાદ ભાઈ, મુકુંદભાઈ મહેતા તેમજ જયંતીભાઈ જોશી, મુકેશભાઈ રાજયગુરૂ ઉપસ્થિત રહ્યા મહેમાન પરિચય સ્વાગત પ્રવચન જયંતીભાઈ જોશી દ્વારા કરવામાં આવ્યા, તેમજ આભાર વિધિ મુકુંદભાઈ મહેતા દ્વારા કરવામાં આવી. આમ સૌ શિક્ષકોએ શિબિરમાં ઉત્સાહથી ભાગ લઈ નવપલ્લવિત થયા.

### જયાં નિરાધાર વૃધ્ધની નિઃશુલ્ક સેવા થાય છે તેવા

# અમરેલીન સારહિ તપોવન આશ્રમને શેખવા પરિવાર તરફથી ગૈદાન અર્પણ

## સારહિ કલબનાં હોદેદારો સહિતના મહેમાનો ઉપસ્થિત રહ્યાં




અમરેલી, તા.૨૨

અમરેલી ખાતે સેવાભાવી સંસ્થા સારહિયુથ નિરાધાર વૃધ્ધોની નિઃશુલ્ક સેવા કરવામાં આવી રહી છે. અને વૃધ્ધોની થતી નિઃસ્વાર્થ સેવાથી પ્રભાવિત બનીને સમાજનાં દાતાઓ પણ ખુલ્લા મને મદદ કરીને સેવા યજ્ઞમાં આહુતી આપી રહયા છે.દરમિયાનમાં ભડલી ગામનં લખુભાઈ નાગભાઈ શેખવા પરિવારથી તપોવન આશ્રમને ગૌહાન પ્રકશભાઈન હસ્તે કરવમાં આવ્યું આ તકે સારહિ કલબનાં ખજાનચી સુરેશભાઈ શેખવા સહિતનાં હોદેદારો અને મહેમનો ઉપસ્થિત રહયા હતા.

### બાળકોનું શિક્ષણ વધારવા ઉતમ કાર્ય

# રાજુલામાં ખાનગી શાળાને પણ ઝાંખી પાડે તેવી સરકારી શાળાનુ નિર્માણ થયુ

## ધારાસભ્ય સોલંકીએ બનતી મદદ કરવાની ખાત્રી આપી



અમરેલી, તા. ૨૨

રાજુલા શહેરમાં ખાનગી શાળાને પણ ઝાંખું પાડે તેવું નવું સંઘવી પ્રાથમિક શાળા નંબર ચારનું બિલ્ડિંગ બનતા વહેલી સવારે ધારાસભ્ય સ્કૂલમાં પહોંચી ગયા હતા અને શાળામાં શું ઘટે છે તેવું આચાર્યને પૂછીને અન્ય ઘટતી સુવિધાઓ પણ ધારાસભ્યની ગ્રાન્ટમાંથી ફાળવવામાં આવતા વિદ્યાર્થીઓમાં આનંદની લાગણી પ્રસરી જવા પામી હતી જાણવા મળતી વિગત મુજબ રાજુલા સંઘવી પ્રાથમિક શાળા નંબર ૪ એક કરોડ કરતાં વધુ રકમ થઈ બનતા તેનું લોકાર્પણ આજરોજ ધારાસભ્ય હીરાભાઈ સોલંકીના વરદ હસ્તે રાખવામાં આવ્યું હતું અને નવી પ્રાથમિક શાળાનું લોકાર્પણ કર્યુ હતું.આ બાબતે ધારાસભ્ય હીરાભાઈ સોલંકી એ જણાવ્યું હતું કે ગુજરાત સરકાર દ્વારા તો કરોડો રૂપિયાની ગ્રાન્ટથી આ સ્કૂલ બનાવી છે પરંતુ આ વિસ્તારના જન પ્રતિનિધિ તરીકે મારી પણ એક ફરજ હોય છે અને આચાર્યને જાહેરમાં ઉદબોધન દરમિયાન પૂછ્યું કે તમારે શું શું ઘટે છે આચાર્યએ પણ આખું લીસ્ટ આપતા ધારાસભ્યએ બધી બાબતને લઈ પોતાની ધારાસભ્યની ગ્રાન્ટ માંથી ફાળવી દીધી હતી.આ શાળામાં કોમ્પ્યુટર લેબ સીસીટીવી કેમેરાથી સર્ચ તેમજ શાળા નો પણ સ્ટાફ ડ્રેસ કોડ સહિતની સુવિધાથી ખાનગી શાળાને પણ ઝાંખી પડે તેવી પ્રાથમિક શાળાનું નિર્માણ થવા પામ્યું હતું આજરોજ રાજુલા ખાતે ગુજરાત સરકાર દ્વારા એક કરોડથી વધારે રકમથી નવનિર્માણ પામેલી સંઘવી પ્રાથમિક શાળા નં ૪નું લોકાર્પણ ધારાસભ્ય હીરાભાઈ સોલંકીએ કર્યુ હતું. એક વર્ષ અગાઉ ૧૯/૧૨/૨૪ના રોજ જે સ્કુલનું ખાતમૂહુર્ત કર્યુ હતું તે શાળાનું લોકાર્પણ કરવાનો અવસર એક જનપ્રતિનિધિ તરીકે મને મળ્યો હતો.ગુજરાતની ભાજપ સરકાર દ્વારા તો શાળાનું નવનિર્માણ કર્યુ પણ આ વિસ્તારના જનપ્રતિનિધિ તરીકે ધારાસભ્ય હીરાભાઈ સોલંકી દ્વારા ફરજના ભાગ સ્વરૂપે ધારાસભ્યની ગ્રાન્ટમાંથી બાંકડા, બ્લોક પેવિંગ, સીસીટીવી કેમેરા, પાણીનું કૂલર તેમજ ફિલ્ટર સહિતની સુવિધાઓ ઉભી કરવા માટે વિનમ્ર પ્રયાસ કર્યો હતો.આ તકે આ શાળા જયારે બાંધી આપી હતી તેવા ટ્રસ્ટી પ્રભાવતીબેન ભવાનીદાસ સંઘવીને યાદ કરી વંદન કર્યા હતા.આ કાર્યક્રમમાં જીગ્નેશભાઈ પટેલ, રવુભાઈ ખુમાણ, વનરાજભાઈ વરૂ, રણછોડભાઈ મકવાણા, કૈલાશભાઈ શિયાળ, વિજયભાઈ વાઘ, ધવલભાઈ દુધરેજીયા, હેમલભાઈ વસોયા, આચાર્ય સંજયભાઈ આદરોજા, કિશોરભાઈ પટેલ, અક્ષયભાઈ દાખડા, રાજુભાઈ જાની, કાનાભાઈ ગોહિલ, ભારતીય જનતા પાર્ટીના હોદ્દેદારો કાર્યકર્તાઓ, નગરપાલિકાના હોદ્દેદારો અને ચૂંટાયેલા સદસ્યઓ, શિક્ષણ વિભાગના અધિકારીઓ, આ શાળાના ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ અને ભૂતપૂર્વ શિક્ષકો તેમજ સંઘવી પ્રાથમિક શાળાનો સ્ટાફગણ અને વાલીગણ ઉપસ્થિત રહ્યો હતો.

### અંબુજા ફાઉન્ડેશનનાં સહયોગથી

# ગાધડકા ગામે મેગા હેલ્થ કેમ્પનુ આયોજન કરાયુ

## ૧૧ ગામનાં નાગરિકોએ લીધો લાભ



સાવરકુંડલા, તા. ૨૨

અંબુજા ફાઉન્ડેશન પી યુ ૩૮ની ટીમ તેમજ પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ગાધકડા અને એસ ઓ એસ હોસ્પિટલ આસરાણા સટાફ સાથે મળીને અને ગાધકડા ગામે આરોગ્ય કેમ્પનું આયોજન કરેલ. જેમાં એસ.ઓ.એસ હોસ્પિટલમાંથી ડો. યસ પટેલ ઓથોપેટીક વિભાગ દ્વારા ૬૫ દર્દીની ઓપીડી ડો.યોગેશ કાતરીયા મેડીસીન વિભાગ ૫૪ દર્દી ની ઓ પી ડી , ડો.સંદીપ સોલંકી સર્જીકલ વિભાગ ૪૪ દર્દી ની ઓ પી ડી , ડો. કિરણ હડિયા ગાયનેક વિભાગ ૮૫ દર્દીની ઓપીડી, ડો. જીજ્ઞાશા વાઘ ડેન્ટલ વિભાગ ૨૨ દર્દીની ઓપીડી, ડો.હિના મકવાણા કસરત વિભાગ ૧૯ દર્દીની ઓપીડી કરવામાં આવી તેમજ નર્સ સટાફ હાજર રહેલ તમેજ અંબુજા ફાઉન્ડેશન માંથી મહેશભાઈ છોટાળા અને પી યુ ૩૮ ટીમ સ્ટાફ હાજર રહેલ. આ કેમ્પમાં ભમ્મર, મેરિયાણા, છાપરી, નવાગામ, વિજપડી, મઢડા, ડેડકડી, ભોકરવા, ગાધકડા, દાધિયા અને હડિડા ગામના દર્દીઓ એ લાભ લીધો.

ડો. આશિષ લાખાણી, ઉમેદભાઈ ચાંદુ, સુપરવાઈજર તથા ગાધકડા પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર સમગ્ર સ્ટાફ હાજર રહીને ખુબ સારી સેવા આપેલ. ખાસ હેલ્થ કેમ્પમાં પગ અને શરીરના દુખાવા, ડાયાબિટીસ, બી પી, થાયરોઈડ, શરદી તાવ, સ્ત્રીઓ લગતા રોગો નિદાન, દાંતને લગતી સારવાર અને સામાન્ય બીમારીની સારવાર તેમજ પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ગાધકડા ટીમ દ્વારા દવા ની વ્યવસ્થા કરેલ.

આરોગ્ય કેમ્પ ૨૮૯ દર્દીએ લાભ લેવા માટે આવ્યા. આ કેમ્પને સફળ બનાવવા અંબુજા ફાઉન્ડેશનના સટાફ, પ્રાથમિક આરોગ્ય કેન્દ્રમાંથી ઉમેદભાઈ, એસ ઓ એસ હોસ્પિટલમાંથી જયેશભાઈ, ગામના મહિલા સરપંચ પાયલબેન કલાણીયા તેમજ લીડ ખેડૂત કાંતિભાઈ ઠુંમર અને આગેવાનો ખુબ સારો સહકાર આપી આરોગ્ય કેમ્પ સફળ બનાવેલ. એમ અનિરૂધ્ધ ત્રિવેદીએ એક યાદીમાં જણાવ્યું હતું.

# રાજુલાનાં રાજકીય અગ્રણી અંબરિષભાઈ ડેરનો જન્મદિવસ અનોખી રીતે ઉજવાયો



રાજુલા, તા. ૨૨

રાજુલાના રાજકીય અગ્રણી માજી ધારાસભ્ય અંબરિષભાઈ ડેર ધ્વારા તેમના જન્મદિવસની ઉજવણી નિમિત્તે સનાતનધર્મની પરંપરા મુજબ પાંચ પૂણ્યો ધ્વારા જીવદયાનું ઉમદા ઉદાહરણ પુરૂ પાડયું હતું. પાંચ પૂણ્યોમાં ગાયોને ઘાસચારો, પંખીને ચણ, કૂતરાને રોટલો આપવો, કિડીનું કિડીયારૂ પુરવુ ને માછલીને લોટ આપવો એ મુખ્ય છે. અંબરિષભાઈ ધ્વારા પંખીને ચણ માટે રાજુલાના ધર્મ સ્થાનો ચામુંડા માતાજી મંદિર, ગાયત્રી મંદિર, ધારાનાથ મંદિર, બ્રહ્મેશ્વર મહાદેવ મંદિર, કુંભનાથ મહાદેવ મંદિર, સુખનાથ મહાદેવ મંદિર જેવા ધર્મસ્થાનો પર પંખીને ચણ નાખવામાં આવી હતી. તદુઉપરાંત સમાજના જીવદયાનું કામ કરતા નિરવભાઈ ધોળકીયાનાં પ્લોટ પર જયાં કાયમી ધોરણે પંખીને ચણ અપાય છે ત્યા ચણ નાખવામાં આવી હતી. રજળતી ગાયોને લીલો ઘાસચારો ટ્રેકટર ધ્વારા વિતરણ કરાયો હતો. કુતરાને રોટલા આપવા માટે મહિલાઓ ધ્વારા રોટલા ઘટાડીને રનજુલાની શેરીઓ વિતરણ કરવામાં આવ્યું હતું. કિડીને લોટ ખેતર શેઢે તેમજ રાફડાની જગ્યા પર વેરવામાં આવ્યો હતો અને જાફરાબાદ ખાતે લોટની ગોળીઓ માછલીને દરીયામાં આપવામાં આવી હતી.

નવા યુગમાં આજની પેઢી પાશ્ચયાત સંસ્કૃતિ તરફ વળી છે ને સનાતનના મુલ્યોને ભૂલી રહી છે. ત્યારે અંબરિષ ડેરનું આ કાર્ય નવી પેઢીને નવો રાહ બતાવવામાં ઉત્તમ ઉદાહરણરૂપ સાબિત થશે. આજના સમયમાં જન્મદિવસ નિમિત્તે કેક કાપીને મીણબત્તી બુજાવવામાં આવે છે. જયારે ભારતીય સંસ્કૃતિમાં શુભ કાર્યમાં દિવડા પ્રગટાવવામાં આવે છે. અંબરિષભાઈએ જીવદયાનું ઉત્તમ ઉદાહરણ પુરૂ પાડીને દિવો પ્રગટાવવવાનુંક ામ કર્યુ છે. આ કાર્યમાં હિરેનભાઈ ધોળકીયા, રામભાઈ ગરણીયા, અલ્પેશભાઈ સાંખટ, નીરવભાઈ ધોળકીયાએ માર્ગદર્શન અને આયોજન કર્યુ હતું. જન્મદિવસની શુભેચ્છાઓ તેમજ તે નિમિત્તે થયેલા જીવદયાના કાર્ય બદલ લોકસાહિત્યકાર માયાભાઈ આહિર, કવિ શશિભાઈ રાજયગુરૂ, મનુભાઈ ધાખડા હોટલ લાયન, ક્ષત્રિય અગ્રણી બાવકુભાઈ વાળા, ઘનશ્યામભાઈ લાખણોત્રાએ શુભેચ્છાઓ પાઠવી હતી.

### આગામી બુધવરે કાર્યક્રમ

# સૌરાષ્ટ્ર : યુનિ.કર્મચારી હા.સોસો દ્વારા સ્નેહ મિલન સમારોહનું આયોજન

## ડો. સેજલબેન ભટ્ટનું કરાશે સન્સાન



સાંસદ રામભાઈ મોકરીયા | પ્રોફે. ઉત્પલ જોશી | ડૉ. સેજલબેન ભટ્ટ

રાજકોટ, તા.૨૨

રાજકોટમાં સૌરાષ્ટ્ર યુનિવર્સિટી પાસે આવેલી સૌરાષ્ટ્ર યુનિવર્સિટી કર્મચારી કો–આપરેટીવ હાઉસિંગ સોસાયટીનાં સભ્યોના સ્નેહ મિલનનો સમારોહ તા.૨૪ ડિસેમ્બર, ૨૦૨૫ના બુધવારના રોજ સાંજે સાડા ૭ વાગ્યે, સોસાયટીના મનુભાઈ વોરા ઓપન એર થિયેટર, રૂદ્રમુખી હનુમાનજી પરિસરમાં યોજાશે. આ કાર્યક્રમના અધ્યક્ષપદે રાજય સભાના લોકપ્રિય સદસ્ય રામભાઈ મોકરિયા અને મુખ્ય મહેમાન પદે સૌરાષ્ટ્ર યુનિવર્સિટીનાં કુલપતિ પ્રોફે. ઉપલ જોશી ખાસ ઉપસ્થિત રહેશે.

આ પ્રસંગે રાજકોટ સીવીલ હોસ્પિટલનાં ઈ.એન.ટી.વિભાગના સિનિયર સર્જન ડો. સેજલબેન ભટ્ટનું તેની મેડિકલ સાયન્સક્ષેત્રની સેવાઓને બિરદાવી તેમનું ગરિમાપૂર્ણ સન્માન કરવામાં આવશે તેમજ સોસાયટીના મુખપત્ર ઉજાસ – ૨૦૨૫નું સાંસદ રામભાઈ મોકરિયા, કુલપતિ પ્રોફે.ઉપલ જોશી અને ઉપસ્થિત મહાનુભાવોનાનાં હસ્તે વિમોચન કરવામાં આવશે.આ પ્રસંગે સોસાયટીનાં પ્રમુખ પ્રોફે.જયદીપસિંહ ડોડિયા, ઉપપ્રમુખ ઉદ્યોગપતિ સજી મેથ્યુ, સીઝન્સ સ્કવેર ચેરીટેબલ ટ્રસ્ટના ચેરમેન અજયભાઈ જોશી, સીઝન્સ સ્કવેર ચેરીટેબલ ટ્રસ્ટના મે. ટ્રસ્ટી અલ્કાબહેન વોરા અને વા.ચેરમેન કૌશિક મહેતા ઉપસ્થિત રહેશે. આ કાર્યક્રમને સફળ બનાવવા માટે સોસાયટીના પ્રમુખ પ્રો.જયદીપસિંહ ડોડિયા, ઉપપ્રમુખ સજી મેથ્યુ, માનદ મંત્રી અજયભાઈ જોશી, સહમંત્રી અજયસિંહ એમ. પરમાર તથા રમેશ સભાયા, ડો. અનામિકભાઈ શાહ, ઉદ્યોગપતિ શૈલેષ પટેલ, જિતેશકુમાર એમ.પંડિત, કૈલેશકુમાર તન્ના, ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ ભરતભાઈ વાજા, ડો. દર્શન ભટ્ટ, ડી.પી. ત્રિવેદી, ઉદ્યોગપતિ શ્રીજીથ સુકુમારન નાયર, મેલિકિસંહ ભટ્ટી, એચ. એમ. રાજા, પ્રો. હરિભાઈ કગથરા, કવિ દિલીપભાઈ જોશી, યોગેશભાઈ જોશી વગેરે જહેમત ઉઠાવી રહ્યા છે.

# તરવડા ગુરૂકુલના રજતજયંતી મહોત્સવ ઉપક્રમે અખંડ ધુનનો પ્રારંભ



અમરેલી, તા.૨૨

સ્વામીનારાયણ મહામંત્રના પ્રાગટય દિને સ્વામિનારાયણ ગુરૂકુળ તરવડાના દિવ્ય પ્રાંગણમાં પૂજયપાદ કૃષ્ણપ્રિયદાસજી સ્વામીના સાંનિધ્યમાં એક મહિનાની અખંડધુનનો પ્રારંભ કરવામાં આવ્યોજેનું આગામી ૨૪ થી ૨૮ ડિસેમ્બર સુધી ઉજવાઈ રહેલ તરવડા ગુરૂકુલના રજતજયંતિ મહોત્સવ ઉપક્રમે આયોજન થયેલ છે. આ પ્રસંગે પ.ભ.ધીરૂભાઈ બાબરીયા તથા ચિરાગભાઈ રતિભાઈ ઠેસિયા વગેરે યજમાનઓ તથા ભકતજનો ઉપસ્થિત રહયા હતા.આ મહોત્સવ ગુરૂકુલ સંસ્કૃતિના પુનરોધ્ધરાક સંતવર્ય ધર્મજીવનદાસજી સ્વામીના ૧૨૫ માં વર્ષે ભાવંજલિ અર્પવાના ભાગરૂપે ઉજવાશે. આ પ્રસંગે દેશ–વિદેશથી ગુરૂકુલ પરિવારના હજારો હરિભકતો તથા મહાનુભાવો પધારશે. ગુરૂકુલના ભવ્ય પ્રાંગણમાં મહોત્સવમાં મહોત્સવની ધામધૂમથી તૈયારી થઈ રહી છે.

''અમરેલી એક્સપ્રેસ''
અમરેલી શહેરમાં આપને ''અમરેલી એક્સપ્રેસ'' દૈનિક અનિયમિત મળતું હોય તો તુરંત જ સંપર્ક કરો.
સુમીત ચંદારાણા મો. ૮૭૩૫૦ ૧૨૭૨૭

### ગ્રામ્ય વિસ્તારનાં દર્દીનારાયણનાં હિતમાં

# સાવરકુંડલાનાં જીરા ગામનાં પરેશભાઈ ડોબરીયાએ એમ્બ્યુલન્સ સેવા શરૂ કરી

## આજુબાજુનાં ૯ ગામોનાં નાગરિકોને સુવિધા મળી



સાવરકુંડલા, તા. ૨૨

મોરના ઈંડા ચીતરવા ન પડે એવી લોકોક્તિ જીરા ગામના રિયલ હીરો પરેશભાઈ વિથલભાઈ ડોબરીયાએ સાચા અર્થમાં સાબિત કરી બતાવી છે. કોઈ હોબાળો કર્યા વગર, કોઈ પ્રચાર વગર, શાંતિથી અને નિઃસ્વાર્થ ભાવથી સમાજ માટે જે કાર્ય થાય છે, એ જ સાચી સેવા કહેવાય. સાવરકુંડલા તાલુકાના ખારા વિસ્તારમાં આવેલ જીરા ગામ માટે તેઓએ એવી જ એક અમૂલ્ય સેવા શરૂ કરી છે.

તેઓએ જણાવ્યું કે તેઓ મૂળ જીરા ગામના વતની છે અને હાલ સુરત ખાતે અલગ અલગ વ્યવસાય સાથે સંકળાયેલા છે. વ્યવસાયમાં વ્યસ્ત હોવા છતાં પોતાનું ગામ, ગામના લોકો અને ત્યાંની મુશ્કેલીઓ તેમને હંમેશા યાદ રહે છે. જીરા ગામ ખારા વિસ્તારનું હોવાથી અહીંના લોકો પહેલેથી જ અનેક પ્રકારની સમસ્યાઓનો સામનો કરે છે, જેમાં આરોગ્ય સુવિધાનો અભાવ સૌથી મોટો પ્રશ્ન હતો.

વધુએ જણાવ્યું કે જીરા ગામ તેમજ આજુબાજુના અનેક ગ્રામ્ય વિસ્તારોમાં એક પણ એમ્બ્યુલન્સ ઉપલબ્ધ નહોતી. ગામમાં પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર તો હતું, પરંતુ તાત્કાલિક સ્થિતિમાં દર્દીને મોટા હોસ્પિટલ સુધી પહોંચાડવા માટે કોઈ સગવડ ન હોવાથી લોકો મુશ્કેલીમાં મુકાતા હતા. અકસ્માત, ગંભીર બીમારી, હૃદયરોગ કે પ્રસૂતિ જેવા કેસોમાં સમયસર વાહન ન મળતાં દર્દીના જીવ પર જોખમ ઊભું થતું હતું.

આ સ્થિતિ તેઓને અંદરથી હચમચાવી ગઈ હતી. તેમને મનમાં દૃઢ ઈચ્છા હતી કે પોતાના ગામમાં ઓછામાં ઓછી એક એમ્બ્યુલન્સની સુવિધા હોવી જ જોઈએ. એક દિવસ પરિવાર સાથે ઘરમાં બેઠા હતા. ત્યારે તેમણે આ વાત પરિવારજનો સમક્ષ મૂકી. પરિવારના દરેક સભ્યએ આ માનવસેવાના કાર્યને સંપૂર્ણ સમર્થન આપ્યું અને સહમત થયા કે જીરા ગામને એમ્બ્યુલન્સની ભેટ આપવી જોઈએ.

આ નિર્ણય બાદ તેઓએ કોઈ વિલંબ કર્યા વગર કાર્ય શરૂ કર્યું. અંદાજે ૮ લાખ રૂપિયાના ખર્ચે એક એમ્બ્યુલન્સ ખરીદી અને તેને ગામને સમર્પિત કરી. આ એમ્બ્યુલન્સ માત્ર જીરા ગામ પૂરતી મર્યાદિત નથી, પરંતુ આજુબાજુના કુલ ૯ ગામોના લોકોને તાત્કાલિક આરોગ્ય સેવા પૂરી પાડશે. ખારા અને અંતરિયાળ વિસ્તારોમાં રહેતા લોકો માટે આ સેવા કોઈ આશીર્વાદથી ઓછી નથી.

ગામજનો કહે છે કે અગાઉ દર્દીને ખાનગી વાહન કે ભાડાની ગાડી દ્વારા લઈ જવી પડતી હતી, જેમાં સમય, પૈસા અને તણાવ–ત્રણેય વધતા હતા. ખાસ કરીને રાત્રિના સમયે વાહન ન મળતાં સ્થિતિ વધુ ગંભીર બની જતી હતી. હવે એમ્બ્યુલન્સ ઉપલબ્ધ થતાં લોકોમાં મોટી રાહત છે અને સુરક્ષાની ભાવના ઊભી થઈ છે.

વધુમાં જણાવ્યું કે આ સેવા સંપૂર્ણપણે સેવા ભાવથી શરૂ કરવામાં આવી છે. કોઈ પણ વ્યક્તિ માત્ર વાહનની અછતના કારણે સારવારથી વંચિત ન રહે–એ જ તેમનો મુખ્ય ઉદ્દેશ છે. આજે પરેશભાઈ ડોબરીયા સાચા અર્થમાં 'જીરા ગામના રિયલ હીરો' બની ગયા છે, જેમણે મોરના ઈંડા ચીતર્યા વગર, શાંતિથી અને સાદગીથી સમાજ માટે અનોખી અને યાદગાર સેવા કરી છે.

### સાવરકુંડલા ખાતે ગુજરાતી સાહિત્ય પરિષદમા

# ચલાલામાં લોક સાહિત્યકાર કાનજી ભુટા બારોટને સાહિત્ય પરિષદમા યાદ કરાયા

## અગાઉ યોજાયેલ સાહિત્ય પરિષદમાં કાનજી ભુટા બારોટનું યોગદાન હતુ



ચલાલા, તા. ૨૨

સાવરકુંડલામાં આજથી ૩દિ સુધી ગુજરાતી સાહિત્યનું ૩૫મુ જ્ઞાનસત્ર સાવરકુંડલાવિદ્યાગુરૂ ફાઉન્ડેશનના યજમાન પદે પુ. મોરારિબાપુ સંતો તથા ગુજરાતના ધૂરંધર સાહિત્યકારોની ઉપસ્થિતિમાં યોજાઈ રહ્યું છે. ત્યારે ચલાલાના લોક સાહિત્યકાર કાનજી ભુટા બારોટના વર્ષો પહેલા જુનાગઢ તથા ૧૯૮૬માં અમરેલી ખાતે મળેલ સાહિત્ય પરિષદ વખતે પોતાની આગવી શૈલીમાં લોકવાર્તા રજુ કરી વિધ્વાનોને અચંબાયા નાખી દીધેલ એમાય નોંધવા જેવી બાબત એ છે કે જુનાગઢમાં ગુજરાતી સાહિત્ય વખતે કાનૂની બોઈની લોકવાર્તા સાંભળી વિધ્વાન શિષ્ટ સાહિત્યકારો પ્રભાવિત થયા અને લોકસાહિત્યનો સમાવેશ કરાયો સ્વ. ઉમાશંકર જોષીએ લોકસાહિત્ય અને શિષ્ટ સાહિત્યને જોડતી કડી તરીકે ઘટના ગણાવી અને એટલે જ સંત મોરારીબાપુએ કાનજી ભુટા બારોટને 'વડલા'ની ઉપમા આપી છે.

બીજી ઘટના અમરેલીમાં સાહિત્ય પરિષદના ૧૯૬૮માં જ્ઞાનસત્ર સમયે ગુજરાતના સાહિત્યકારોની સમક્ષ અમરેલીના વજા સરવૈયાની લોકવાર્તા માંડી કાનજીભાઈએ અમરેલી અને કાઠીયાવાડનો ઈતિહાસ કાઠીયાવાડ શું છે એનો આબેહુબ આગવી શૈલીમાં ખડો કર્યો એ સમયના ગુજરાતના ધૂરંધર સર્જક સાહિત્યકાર લેખક એવા સ્વ. કે.કા. શાસ્ત્રી કાનજીભાઈની સાંભળી એટલું જ બોલ્યા કે કાનજીભાઈ તમે અમને સૌને તમારી લોકવાર્તા સાંભળી અમને તમને એક નવીન દુનિયામાં લઈ ગયા આ લોકસાહિત્યની તાકાત. કવિ ઉમાશંકર જોષી, કવિ સુન્દરમ્, જયમલ્લભાઈ પરમાર, રમેશ પારેખ, જોરાવસિંહ જાદવ, ચીનુ મોદી, કનૈયાલાલ મુન્સી, સાહિત્યકારો હરિન્દ્ર દવે વિ. અનેક કવિઓ સાહિત્યકારો વિધ્વાનો રાજનેતાઓ કાનજી ભુટા બારોટની લોકવાર્તા સાંભળી અતિભૂત થયા આવા એક અમરેલીના ચલાલાના દાના ભગતના ગામના કાનજી ભુટા બારોટને આજે જયારે સાવરકુંડલામાં સાહિત્ય પરિષદનું જ્ઞાનસત્ર મળી રહ્યું છે. ત્યારે જોગીદાસ ખુમાણની લોકવાર્તા કાનજી ભુટા બારોટ એમની આગવી શૈલીમાં રજુ કરતા એ યાદ કરી સાહિત્ય પરિષદનું જ્ઞાનસત્રનું યજમાન પદ શોભાવ્યુ એ સંસ્થાને ધન્યવાદ આપી કાનજી ભુટા બારોટના પ્રદાનને પણ આજે યાદ કરીએ. આ ઉપરાંત સાવરકુંડલાના વાર્તાકાર નાનભાઈ હ. જેબલિયા, ડો. નટુભાઈ જોષી, એચ.આર. ભટ્ટ તેમજ પ્રા. છેલભાઈ વ્યાસ કે જેઓની પણ નોંધ લઈએ.

# અમરેલી ખાતે ડો. હેડગેવાર સેવા સમિતિ દ્વારા નૂતન કાર્યાલયનું ભૂમિપૂજન



અમરેલી, તા. ૨૨

અમરેલી લાઠી રોડ ખાતે ડો.હેડગેવાર સેવા સમિતિ દ્વારા નૂતન કાર્યાલયના ભૂમિપૂજન કાર્યક્રમ યોજાયો હતો. જેમાં સમગ્ર સમાજવતી પરેશભાઈ આચાર્ય, કનુભાઈ વાળા, મુકેશભાઈ રાઠોડ, ગોવિંદભાઈ ટીમ્બડીયા દ્વારા ભૂમિપૂજન કરી કાર્યાલય નિર્માણ કામગીરીનો પ્રારંભ કરેલ. આ ઉપરાંત ડો.હેડગેવાર સેવા સમિતિ દ્વારા ત્રણ સેવા પ્રકલ્પનો પ્રારંભ કરવામાં આવેલ. જેમાં ઝીરોથી બાર વર્ષના બાળકો માટે સુવર્ણ પ્રાસન કેન્દ્ર શરૂ કરાશે. જે લાઠી રોડ ઉપર સરસ્વતી વિદ્યાલય ખાતે તેમજ ચિતલ રોડ પર શ્રાવણ પ્રસાદ, લાઈબ્રેરી રોડ ઉપર સંઘ કાર્યાલય ખાતે શરૂ કરાશે. આ ઉપરાંત આર્થિક સામાજિક અને શૈક્ષણિક પછાત વિસ્તારમાં નાના બાળકો માટે શિક્ષણ કેન્દ્ર શરૂ કરવામાં આવ્યા તથા સાવરકુંડલા બાયપાસ પાસેની સેવા વસ્તીમાં દર મહિને મેડિકલ કેમ્પનું આયોજન કરવામા આવશે. આ કાર્યાલય સામાજિક સમરસતાનું કેન્દ્ર બનશે. જેમા સામાજિક પ્રવૃત્તિઓ માટે ઓડિટોરિયમની સુવિધા તેમજ કાર્યાલયમાં ૧૦ થી ૧૨ વિદ્યાર્થીઓ રહી અભ્યાસ પણ કરી શકશે. આ ભૂમિપૂજન પ્રસંગે મહેશભાઈ જીવાણીનું બૌદ્ધિક પ્રવચનનું પણ આયોજન કરવામાં આવેલ. જેમાં સમગ્ર જિલ્લામાંથી સામાજિક આગેવાનો સંમેલિત થયા હતા. સમગ્ર કાર્યક્રમ સાદગી પૂર્ણ રહેલ તથા શાસ્ત્રી ઉદયભાઈ દવેએ પૂજા વિધિ કરાવેલ. તેમ સંજય અગ્રાવત યાદીમાં જણાવેલ છે.

# સાવરકુંડલા : ગ્રાહક સુરક્ષા જાગૃતિ સેમિનાર યોજાયો





સાવરકુંડલા, તા.૨૨

સાવરકુંડલા શહેરમાં આવેલ શાળા નંબર ૧ ખાતે આજરોજ ગ્રાહક સુરક્ષા મંડળ સાવરકુંડલા દ્વારા ગ્રાહક સુરક્ષા જાગૃતિ સપ્તાહ અંતર્ગત એક સેમિનારનું આયોજન કરવામાં આવ્યું.આ પ્રસંગે સાવરકુંડલા ગ્રાહક સુરક્ષા મંડળના બિપીનભાઈ પાંધીએ ગ્રાહકના અધિકારો કયાં કયા છે ? ગ્રાહક સુરક્ષા એટલે શું ? એ વિશે વિશદ છણાવટ કરવામાં આવેલ. તો ગ્રાહક સુરક્ષા મંડળ સાવરકુંડલાના પ્રેસિડેન્ટ રમેશભાઈ હીરાણી દ્વારા પણ ગ્રાહક સુરક્ષાનું મહત્વ ઓનલાઈન ખરીદીથી થતાં ગેરલાભ વોકલ ફોર લોકલને ઉત્તેજન મળે તે માટે પ્રયાસ વગેરે બાબતો સંદર્ભે માર્ગદર્શન આપવામાં આવેલ.આ સાથે સાવરકુંડલા તાલુકા કાનૂની સેવા સત્તા મંડળ દ્વારા પણ વિદ્યાર્થીઓમા જાગૃતિ ઊભી કરવા કાનૂની સેવા સતા મંડળના સભ્યો દક્ષાબેન અને રક્ષાબેન ઉપસ્થિત રહ્યા હતા.સમગ્ર કાર્યક્રમ દરમિયાન વિદ્યાર્થીઓએ તમામ વકતાઓને ખૂબ જ ધ્યાનથી સાંભળેલ કાર્યક્રમને સફળ બનાવવા શાળાના શિક્ષકો દ્વારા ભારે જહેમત ઉઠાવવામાં આવી હતી.

કાર્યક્રમને અંતે તમામ વિદ્યાર્થીઓને ગ્રાહક સુરક્ષા મંડળ સાવરકુંડલા દ્વારા પેમ્પલેટનું વિતરણ કરવામાં આવ્યું હતું. એમ હિતેશભાઈ જોષી દ્વારા એક યાદીમાં જણાવાયું હતું.

# સાવરકુંડલાના ભાવેશભાઈ ઠુમર બન્યા 'ફેમિલી ફાર્મર' પ્રાકૃતિક ખેતીથી ઘઉંનું સીધું ઘરઆંગણે વેચાણ

અમરેલી, તા. ૨૨

સાવરકુંડલા શહેરમાં રહેતા ભાવેશભાઈ ઠુમર આજના સમયના એવા ખેડૂત છે, જેમણે પરંપરાગત ખેતીની સરહદ પાર કરી હવે પોતાને 'ફેમિલી ફાર્મર' તરીકે ઓળખ આપેલી છે. ખેતીને માત્ર ઉત્પાદન સુધી મર્યાદિત ન રાખીને તેમણે વિશ્વાસ, ગુણવત્તા અને નિયમિત ગ્રાહક આધાર પર આધારિત એક અનોખું મોડેલ ઉભું કર્યું છે.ભાવેશભાઈ ઠુમર જણાવે છે કે તેઓ સાવરકુંડલામાં રહે છે, ધોરણ ૧૨ સુધી અભ્યાસ કર્યો છે અને હાલ તેમની ઉંમર ૪૫ વર્ષ છે. છેલ્લા સાત વર્ષથી તેઓ સતત પ્રાકૃતિક ખેતી કરી રહ્યા છે. કપાસ બાદ શિયાળુ પાક તરીકે તેઓ ઘઉંનું વાવેતર કરે છે. હાલ તેઓ ૯ વીઘા જમીનમાં ઘઉંનું વાવેતર કરી રહ્યા છે.તેમણે જણાવ્યું કે પ્રાકૃતિક ખેતી અપનાવ્યા બાદ ખેતીનો ખર્ચ ઘણો ઓછો થયો છે. ડ્રિપ પદ્ધતિથી પિયત કરવામાં આવે છે અને જીવામૃત, ઘનજીવામૃત જેવા ઓર્ગેનિક ઈનપુટનો ઉપયોગ થાય છે. કેમિકલ ખાતર કે દવાઓનો ઉપયોગ ન હોવાના કારણે જમીનની ઉર્વરતા જળવાઈ રહી છે અને પાકની ગુણવત્તા પણ વધેલી છે.

ભાવેશભાઈની ખેતીનું ખાસ પાસું એ છે કે તેઓ પોતાનો ઘઉં ખુલ્લા બજારમાં વેચતા નથી. છેલ્લા સાત વર્ષથી તેઓ ફક્ત પોતાના પસંદગીના, નિયમિત અને વિશ્વાસુ ગ્રાહકોને જ ઘઉં આપે છે. વાવેતરના સમયથી જ ઘઉં ખરીદવા માટે તેમને ઓર્ડર મળવા લાગે છે. તેથી કયાંય વેચાણ માટે જવું પડતું નથી અને દલાલોની જરૂર પણ રહેતી નથી.પ્રાકૃતિક પદ્ધતિથી ઉગાડેલ ઘઉંની મીઠાશ અને સ્વાદ અલગ જ હોય છે, એવું તેમના ગ્રાહકો કહે છે. આ કારણથી લોકો ઊંચો ભાવ ચૂકવવા પણ તૈયાર રહે છે. ભાવેશભાઈ જણાવે છે કે સાફ કર્યા વગરના ઘઉંનો ભાવ રૂપિયા ૧૦૦૦ પ્રતિ ૨૦ કિલો મળે છે, જયારે કલીન કરેલ ઘઉંનો ભાવ રૂપિયા ૧૧૦૦ પ્રતિ ૨૦ કિલો મળે છે. આ ઘઉં ફક્ત રેગ્યુલર ગ્રાહકોને જ આપવામાં આવે છે.ઉત્પાદનની વાત કરીએ તો ૧ વીઘામાં અંદાજે ૩૦ મણ જેટલું ઉત્પાદન મળે છે. ઓર્ગેનિક અને પ્રાકૃતિક પદ્ધતિ હોવાના કારણે ઉત્પાદન ખર્ચ બહુ ઓછો રહે છે. એક સિઝનમાં ઘઉંમાંથી તમામ ખર્ચ બાદ કરતાં અંદાજે ૨.૫૦ લાખ રૂપિયાનો નફો થતો હોવાનું ભાવેશભાઈ જણાવે છે.ભાવેશભાઈ ઠુમરનું માનવું છે કે જો ખેડૂત ગુણવત્તા પર ધ્યાન આપે, ગ્રાહક સાથે સીધો સંપર્ક રાખે અને પ્રાકૃતિક ખેતી અપનાવે તો ખેતી ફરીથી લાભદાયક બની શકે છે. આજે તેઓ માત્ર ખેડૂત નથી, પરંતુ પરિવાર અને ગ્રાહક સાથે જોડાયેલા એક સફળ 'ફેમિલી ફાર્મર' બની ગયા છે.


**સનરાઈઝ ફાઉન્ડેશન-અમરેલી સંચાલિત**

**નેશનલ એઈડ્સ કંટ્રોલ પ્રોગ્રામ-V, ટી.આઈ.તેમજ સંપુર્ણ સુરક્ષા કેન્દ્ર માટે**

**ઓપન ઈન્ટરવ્યુ**

| પોસ્ટ | લાયકાત | જગ્યા | પગાર ધોરણ |
|---|---|---|---|
| આઉટ રીચ વર્કર-TI | કોઈપણ વિદ્યાશાખામાં સ્નાતક | ટી.આઈ.-૨ (મહિલા તેમજ પુરૂષ) | ૧૦,૪૦૦ + TA |
| આઉટ રીચ વર્કર-SSK | કોઈપણ વિદ્યાશાખામાં સ્નાતક | એસ.એસ.કે.-૧ (ફક્ત મહિલા) | ૧૦,૪૦૦ |

**ઈન્ટરવ્યુ તારીખ : ૨૬-૧૨-૨૦૨૫ ને શુક્રવાર**

* રજીસ્ટ્રેશન સમય : સવારે ૯:૩૦ થી ૧૧:૦૦ (ઈન્ટરવ્યુના દિવસે)
* ઈન્ટરવ્યુમાં અરજી સાથે ઓરિજનલ સર્ટિફિકેટ સાથે લાવવા જરૂરી છે

સંપર્ક સ્થળ : બી-૪ હાઉસિંગ બોર્ડ સોસાયટી, મોટા બસ સ્ટેન્ડની બાજુમાં, તાલુકા પોલીસ સ્ટેશનની પાછળ, અમરેલી-૩૬૫ ૬૦૧

સંપર્ક નંબર : ૯૪૨૮૭ ૮૪૪૭૧


### ચલાલાનાં ગેડિયા પરિવાર દ્વારા

# ટીંબી : સ્વામી શ્રી નિર્દોષાનંદજી હોસ્પિટલને ૧.૫૧ લાખનુ અનુદાન

## ટ્રસ્ટી બી.એલ. રાજપરાએ શુભેચ્છા પાઠવી



ટીંબી, તા. ૨૨

ટીંબી સ્વામી નિર્દોષાનંદજી માનવસેવા હોસ્પિટલના કાયમી શુભેચ્છક અને દાતા એવા ચલાલાના વતની ગોરધનભાઈ પરષોત્તમભાઈ ગેડીયા પરિવારમાં તા. ૧૩/૧૨/ ૨૦૨૫ના રોજ યોજાયેલ ચિ. કાર્તિક સંગ ઉર્વી, ચિ.યશ સંગ દર્શિતા, ચિ. દ્રષ્ટિ સંગ વંશીલના શુભલગ્ન પ્રસંગે એકત્રિત થયેલ ચાંદલા–શુભેચ્છક રકમ રૂ.૧,૫૧,૦૦૦/– અંકે રૂપિયા એક લાખ એકાવન હજાર પુરા હોસ્પિટલના દર્દીનારાયણના લાભાર્થે અર્પણ કરી એક પ્રેરણાદાયી અને સરહાનીય સેવાકાર્ય કરેલ છે.

ગેડિયા પરિવારના વડીલ પરષોત્તમભાઈ વલ્લભભાઈ ગેડીયા અને પરિવારજનો રકમ અર્પણ કરવા માટે આવ્યા હતા જેઓનું પૂજયપાદ સદગુરૂ લિખિત જિજ્ઞાસુ પિયુષ અને શાલ અર્પણ કરીને વહીવટકર્તા ટ્રસ્ટી બી.એલ રાજપરા દ્વારા સન્માનિત કરવામાં આવેલ છે.નવ દંપતીનું લગ્ન જીવન સુખ, શાંતીમય અને સમૃધ્ધ નીવડે તેવી શુભેચ્છા સાથે ટ્રસ્ટીમંડળ દાતા પરીવારનો આભાર માને છે.

# પા.પૂ. અને ગટર વ્યવસ્થા બોર્ડ ખાતે અમરેલીમાં આગામી ૫ જાન્યુ.નાં રોજ એપ્રેન્ટિસ ભરતી મેળો

## ડિગ્રી કે ડિપ્લોમાં સિવિલ ઈજનેરને તક

અમરેલી, તા. ૨૨

ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ, લાઠી રોડ, એસ.ટી.ડિવિઝન પાછળ, સરસ્વતી સ્કૂલ સામે, અમરેલી કચેરી ખાતે તા.૦૫.૦૧.૨૦૨૬ ના રોજ સવારે ૧૦ વાગ્યે એપ્રેન્ટિસ ભરતી મેળાનું આયોજન કરવામાં આવ્યું છે. આ ભરતીમેળામાં ડિગ્રી કે ડિપ્લોમા અભ્યાસ કર્યો હોય તેવા સિવિલ ઈજનેર ભાગ લઈ શકશે.ભરતી મેળામાં ભાગ લેવા ઈચ્છુક ઉમેદવારોએ NATS/ SKILL INDIA/ MSDE/MHRD પોર્ટલ પર રજિસ્ટ્રેશન કરવું ફરજિયાત છે. વર્ષ ૨૦૨૫–૨૦૨૬ માટે સિવિલ ઈજનેર અભ્યાસક્રમમાં ડિગ્રી કે ડિપ્લોમા અભ્યાસક્રમ પૂર્ણ થયાના વધુમાં વધુ ૨ વર્ષ સુધીનો સમયગાળો (વર્ષ– ૨૦૨૩, વર્ષ–૨૦૨૪, વર્ષ–૨૦૨૫માં પાસ થયા હોય તે ઉમેદવારોએ જ અરજી કરવી) થયો હોય તેવા ઉમેદવારો આ ભરતી મેળામાં ભાગ લઈ શકશે.કાર્યપાલક ઈજનેર જાહેર આરોગ્ય બાંધકામ વિભાગ ૧ અમરેલીની કચેરી તેમજ તેના નિયંત્રણ હેઠળની પેટા વિભાગીય કચેરીઓ જેવી કે, અમરેલી, ધારી, રાજુલા, બાબરા, લીલીયા, સાવરકુંડલા માટે એપ્રેન્ટિસ તરીકે તાલીમાર્થી માટે આ ભરતી મેળાનું આયોજન કરવામાં આવેલ છે તેમ કાર્યપાલક ઈજનેર પી. જી. મકવાણાની અખબારી યાદીમાં જણાવવામાં આવ્યું છે.

### વાહનચાલકો સહિત સૌ કોઈ પરેશાન હોય

# સાવરકુંડલાનાં મહુવા માર્ગ ઉપર ચાલતા વિકાસ કાર્યોની ગતિમાં વધારો કરો

## આધુનિક ટેકનોલોજીનો ઉપયોગ કરી ગતિ વધારો



અમરેલી, તા. ૨૨

સાવરકુંડલા શહેરમાં વિકાસ કામો જરૂરી અને આવશયક છે, પરંતુ જયારે એ કામો ગોકળગતીએ ચાલે ત્યારે જનતા માટે તે પીડાનું કારણ બની જાય છે. સાવરકુંડલાના મહુવા રોડ ઉપર ચાલી રહેલા વિકાસ કાર્યને કારણે વેપારીઓ તેમજ વાહનચાલકો ભારે મુશ્કેલીનો સામનો કરી રહ્યા છે.

મહુવા રોડ શહેરનો મુખ્ય અને વ્યસ્ત માર્ગ હોવાથી અહીંથી રોજે રોજ મોટી સંખ્યામાં નાના–મોટા વાહનો પસાર થાય છે. છેલ્લા લાંબા સમયથી રોડનું કામ અડધું અધૂરૂં પડયું હોવાના કારણે ટ્રાફિક જામ, ધૂળ–માટીના વાદળો અને અવરજવરમાં ભારે અવરોધ ઊભો થયો છે. વેપારીઓનું કહેવું છે કે ગ્રાહકોની અવરજવર ઘટી ગઈ છે, જેના કારણે ધંધા પર સીધી અસર પડી રહી છે.

વાહનચાલકો પણ રોજબરોજની મુસાફરી દરમિયાન સમય અને ઈંધણ બંનેનો વધારાનો ખર્ચ ભોગવી રહ્યા છે. ખાસ કરીને શાળા– કોલેજના વિદ્યાર્થીઓ, દર્દીઓ અને કામકાજ માટે જતા લોકો માટે આ માર્ગ પરની સ્થિતિ વધુ કઠિન બની છે. સ્થાનિક નાગરિકો અને વેપારી વર્ગનું એકસૂરૂં કહેવું છે કે વિકાસ કામનો વિરોધ નથી, પરંતુ કામમાં અનાવશ્યક વિલંબ ન થવો જોઈએ. સંબંધિત તંત્ર દ્વારા કામમાં ઝડપ લાવવામાં આવે અને વહેલીતકે માર્ગ સુચારૂ બનાવવામાં આવે તેવી મજબૂત માંગ ઉઠી છે.

# અમરેલીનાં સારહિ તપોવન આશ્રમની મુલાકાતે અમુલ ડેરીનાં ચેરમેન, વાઈસ ચેરમેન









ગુજરાત સહકારી મિલ્ક માર્કેટિંગ ફેડરેશન લી. (અમૂલ ડેરી–આણંદ) ના ચેરમેન અશોકભાઈ ચૌધરી, વાઈસ ચેરમેન ગોરધનભાઈ ધામેલીયા તથા ફેડરેશનના અધિકારીગણઓએ સારહિ યુથ ક્લબ ઓફ અમરેલી સંચાલિત સારહિ તપોવન આશ્રમની તા. ૧૮/૧૨/૨૦૨૫ના રોજ શુભેચ્છા મુલાકાત કરીને (આશ્રમમા રહેતા તપસ્વીઓને મળ્યા હતા) સારહિ યુથ ક્લબ ઓફ અમરેલીના પદાધિકારીઓ તથા તપસ્વીઓ દ્વારા સત્કાર સહ– સ્વાગત કરવામાં આવેલ. સંસ્થાની સેવાકીય પ્રવૃતિઓની વિગત મેળવી સંસ્થાની પ્રગતિ અંગે સારહી તપોવન આશ્રમના સ્વપ્ન દ્રષ્ય – સારહી યુથ ક્લબ ઓફ અમરેલીના પ્રમુખ મુકેશભાઈ સંઘાણી અને સમગ્ર સારહી પરિવારને શુભકામનાઓ પાઠવી. આ અવસરે, અમર ડેરીના ચેરમેન અને ટ્રસ્ટી અશ્વિનભાઈ સાવલીયા, સારહિ યુથ ક્લબ ઓફ અમરેલીના પ્રમુખ મુકેશભાઈ સંઘાણી, ટ્રસ્ટી હિમાંશુભાઈ ધાનાણી, અમર ડેરી જનરલ મેનેજર ધાર્મિકભાઈ રામાણી, સંજયભાઈ ગઢવી, અમિતભાઈ ગોસાઈ સહિતના પદાધિકારીઓ ઉપસ્થિત રહેલ હતા. સારહિ પરિવાર વતી ગુજરાત સહકારી મિલ્ક માર્કેટિંગ ફેડરેશન લી. (અમૂલ ડેરી – આણંદ)ના ચેરમેન વાઈસ ચેરમેન તથા અધિકારીગણનો હૃદયપૂર્વક આભાર માનવામાં આવેલ.

# અમરેલીમાં "સાંસદ ખેલ મહોત્સવ"નો રાજયમંત્રી કૌશિકભાઈ વેકરિયાના હસ્તે પ્રારંભ



અમરેલી શહેરના સરદાર પટેલ રમત–ગમત સંકુલ ખાતે યોજાયેલા સાંસદ ખેલ મહોત્સવનો ઉર્જા, કાયદો અને ન્યાય રાજયમંત્રી કૌશિકભાઈ વેકરીયાના કરકમળે પ્રારંભ થયો હતો. આ સ્પર્ધામાં જિલ્લાભરના ૧૨૫૦ જેટલા રમતવીરો એ કોથળા દોડ, રસ્સા ખેંચ, ખો–ખો અને ચેસની વિવિધ વયજૂથની સ્પર્ધાઓમાં ભાગ લીધો હતો. આ પ્રસંગે રાજયમંત્રીએ જણાવ્યું હતું કે, વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના પ્રેરણાદાયી આહ્વાનથી દેશભરમાં સાંસદ ખેલ મહોત્સવનું આયોજન થઈ રહ્યું છે, જેના દ્વારા ખેલાડીઓને રમત–ગમતના માધ્યમથી પોતાની પ્રતિભા રાષ્ટ્રીય સ્તરે પ્રદર્શિત કરવાની અમૂલ્ય તક પ્રાપ્ત થઈ રહી છે. તેમણે ઉમેર્યું હતું કે, વડાપ્રધાનના આહ્વાનને અનુસરીને દરેક સાંસદ દ્વારા ગ્રામ્ય, તાલુકા અને જિલ્લા કક્ષાના રમતોત્સવો યોજવામાં આવી રહ્યા છે. આવા આયોજનથી ગ્રામ્ય વિસ્તારોના રમતવીરોને પણ પોતાની ક્ષમતા દર્શાવવાની તક મળી છે અને 'રમશે ગુજરાત, જીતશે ગુજરાત'ના નારાને સશકત રીતે ઉજાગર કરવામાં મદદ મળી છે. ખેલ મહોત્સવ જેવી પ્રવૃત્તિઓથી રમત–ગમત પ્રત્યે યુવાઓમાં રૂચિ વધે છે અને સ્વસ્થ સમાજની રચનામાં યોગદાન મળે છે. આ પ્રસંગે સાંસદ ભરતભાઈ સુતરીયાએ જણાવ્યું હતું કે, આ રમતોત્સવ વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના આહ્વાનથી શરૂ કરવામાં આવ્યો છે. ગ્રામ્ય સ્તરના રમતવીરોને રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સ્તર સુધી પહોંચવા માટે પોતાની પ્રતિભા પ્રદર્શિત કરવાની તક આ ખેલ મહોત્સવ પૂરી પાડે છે. આ મંચ પરથી ઊભરતા ખેલાડીઓ ભવિષ્યમાં રાજય અને દેશનું નામ રોશન કરશે તેવી તેમણે આશા વ્યકત કરી. કાર્યક્રમ દરમિયાન અગ્રણી અતુલભાઈ કાનાણીએ પ્રાસંગિક ઉદ્‌બોધન કર્યું હતું. સાથે જ જિલ્લા કક્ષાના કન્વીનરોનું સન્માન કરવામાં આવ્યું હતું. જેનાથી રમત–ગમતના વિકાસ માટે કાર્યરત સેમાં ઉત્સાહનો વધારો થયો હતો. સાંસદ ખેલ મહોત્સવ જેવી પહેલો દ્વારા રમતવીરોને યોગ્ય માર્ગદર્શન, સ્પર્ધાત્મક અનુભવ અને પ્રોત્સાહન મળી રહ્યું છે, જે ભવિષ્યના ચેમ્પિયન ઘડવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવશે. આ કાર્યક્રમમાં ધારી–બગસરા–ખાંભાના ધારાસભ્ય જે.વી. કાકડિયા, જિલ્લા વિકાસ અધિકારી પરીમલ પંડયા, પ્રાંત અધિકારી અમરેલી–કુંકાવાવ એમ.જે. નાકિયા, જિલ્લા રમત વિકાસ અધિકારી પૂમન ફૂમકીયા સહિત અગ્રણી અતુલભાઈ કાનાણી, વિજયભાઈ ચોટલીયા, દિનેશભાઈ ભૂવા, કેતનભાઈ સોની અને દિવ્યેશભાઈ વેકરીયા ઉપસ્થિત રહ્યા હતા.

### રૂપિયા ૪૦.૩૪ લાખની મચ્છી નિયતસ્થાને ન પહોંચી

## જાફરાબાદનાં આધેડે પશ્ચિમ બંગાળ મોકલેલ મચ્છી ર આરોપીએ વેચી મારી

અમરેલી, તા. ૨૨

અમરેલી જિલ્લાનાં દરિયાકાંઠાના જાફરાબાદ નેસડી મહોલ્લામાં રહેતાં એક ૫૪ વર્ષીય અધેડાનાં સુકી મચ્છી (બુબલા) આશરે ૧૨ ટન ૮૨૫ કિ.ગ્રા.ખર્ચ સહીત રૂપિયા ૪૦,૩૪,૮૧૦ ના પચ્છિમ બંગાળની બોર્ડર મોકલેલ પરંતુ બે આરોપીઓએ સુકી મચ્છી બુબલાને જે તે સ્થળે નહી પહોચાડી કયાંય બારોબાર વેચી નાખી કે સગેવગે કરી વિસઘાત છેતરપિંડી કરી ઠગાઈ કર્યાની પોલીસમાં ફરિયાદ નોંધાય છે.

આ બનાવમાં ઉના ગામે રહેતાં યુસુફભાઈ બાબુભાઈ ગયોલ તથા ગીર ગઢડા ગામે રહેતાં શબીરશા નાથુશા શાહમહાર નામના આરોપીઓએ જાફરાબાદ નેસડી મહોલ્લામાં રહેતાં બશીરભાઈ ઈબ્રાહીમભાઈ હબસી નામનાં ૫૪ વર્ષીય અધેડાનાં સુકી મચ્છી (બુબલા) આશરે ૧૨ ટન ૮૨૫ કિ.ગ્રા. ખર્ચ સહીત રૂપિયા ૪૦,૩૪,૮૧૦ના પચ્છિમ બંગાળની બોર્ડર ઉપર દિપક સરકારને આરોપીના કબ્જાના ટ્રક નં.જીજે–૦૩–એકસ–૫૩૫૦માં ભરી પહોચાડવાના હોય પરંતુ યુસુફભાઈ તથા શબીરશા નામનાં બન્ને આરોપીએ બશીરભાઈની સુકી મચ્છી બુબલા દિપક સરકારને નહી પહોચાડી કયાંય બારોબાર વેચી નાખી કે સગેવગે કરી વિસઘાત છેતરપિંડી કરી ઠગાઈ કર્યાની પોલીસમાં ફરિયાદ નોંધાય છે.

### ચેમ્બર ઓફ કોમર્સનાં આગેવાનોની માંગ

## મોટી કુંકાવાવથી સાંજનાં સમયે અમદાવાદ અને સુરત રૂટની સ્લીપર બસ સેવા શરૂ કરો

### નવા બસ સ્ટેન્ડનાં પ્રારંભ થઈ રહ્યો હોય માંગ પૂર્ણ કરો

અમરેલી, તા. ૨૨

ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ વેકરીયા ભીમજીભાઈ તથા સેક્રેટરી શશીકાન્તભાઈ જોષી યાદી જણાવે છે કે, મોટી કુંકાવાવથી સાંજના સમયમાં સુરત તથા અમદાવાદ જવા માટે એસ.ટી. પાસે ઘણા સમયથી માંગણી કરવામાં આવેલ છે પણ કોઈ ઉકેલ આવતો નથી.

હમણા ટુંક સમયમાં મોટી કુંકાવાવ ખાતે રાજયમંત્રી કૌશિકભાઈ વેકરિયા અથાગ પ્રયાસથી અદ્યતન નવા બસ સ્ટેન્ડનું ઉદ્‌ઘાટન થવા જઈ રહ્યું છે. ત્યારે સમગ્ર લોકોની માંગ છે કે જો કુંકાવાવથી સુરત તથા અમદાવાદ કૃષ્ણનગર રાત્રીના અથવા સાંજના જો સ્લીપર કોચ એસ.ટી. બસ ફાળવવામાં આવે તો કુંકાવાવ તાલુકાની જનતાને બહોળો લાભ મળે તેમ છે તો એસ.ટી. તંત્ર નોંધ લઈ ઘટતુ કરે તેવી માંગ કરેલ છે.

પાના ૧ ઉપરનું ચાલું **અમરેલીનાં માંગવાપાળ ગામે**

સારવાર માટે અમરેલી સિવિલ હોસ્પીટલમાં ખસેડાયેલ જયાં તેમનું સારવાર દરમ્યાન મોત નિપજયાનું પોલીસમાં જાહેર થવા પામેલ છે.

બીજા બનાવમાં રાજુલા તાલુકાના ચાંચબંદર ગામનાં વતની અને હાલ રાજુલા તાલુકાના મોટી ખેરાળી ગામે રહેતી માયાબેન ઘનશ્યામભાઈ શિયાળ નામની ૧૯ વર્ષીય યુવતિને તેણીનાં પિતાએ ફોનમાં વધારે વાત ન કરવા જણાવેલ જેથી મનમાં લાગી આવતા ગત તા. ૨૦ ના રાતના આશરે દસેક વાગ્યાથી તા. ૨૧/૧૨/૨૫ ના આશરે પાંચ વાગ્યા દરમ્યાન, મોટી ખેરાળી ગામે યુવતિએ ગળાફાંસો ખાઈ લેતા તેણીનું મોત નીપજયાંનું પોલીસમાં જાહેર થવા પામેલ છે.

પાના ૧ ઉપરનું ચાલું **અંતે બાબરાનાં ધરાઈથી મોણપુર તરફ**

ગામમાં અમરેલીથી પહોંજવું એટલે વાહનચાલકોને ૧૦૦ વિચાર કરવો પડતો કે મોણપુરથી ધરાઈ જવુ કે વાવડીથી ધરાઈ પહોંચવું ? પણ હવે ધરાઈથી મોણપુર ગામ સુધીના રોડના નવનીકરણનું કાર્ય ચાલુ થઈ જતા ધરાઈ તેમજ આસપાસના ૧૦ જેટલાં ગ્રામજનો અને તમામ વાહનચાલકોમાં આનંદની લાગણી પ્રસરી ગઈ છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, સમગ્ર ભારતમાં પૃષ્ટિ વૈષ્ણવ સંપ્રદાયના મુર્ધન્ય સ્થાનમાં રાજસ્થાનમાં નાથદ્વારા (શ્રીનાથજી) છે. તેની સમક્ષ બાબરા તાલુકાના ધરાઈ ગામ ખાતે બાલમુકુન્દ પ્રભુની હવેલીને માનવામાં આવે છે. ત્યાં પણ અમરેલી થી આવતા તમામ દર્શનાર્થીઓમા પણ ખુશી જોવા મળી છે. કારણ કે ધરાઈથી મોણપુર ગામ સુધીનો આશરે ૪ કિમીનો રોડ છેલ્લા ૩ વર્ષથી અતિગંભીર હાલતમા થઈ જતા ધરાઈ બાલમુકુન્દ હવેલીના મુખ્યાજી કુલદીપભાઈ જોષી અને મુખ્યાજી દુષ્યંતભાઈ જોષીએ અમરેલી જિલ્લાના માર્ગ અને મકાન (પંચાયત) વિભાગના અધિકારી ઓને અનેકવાર રોડ નવો બનાવા માટે રજુઆત કરેલ પણ આ રોડ નવો તો નઈ પણ સમારકામ પણ નહોતું થતું. અંતે કુલદીપભાઈ જોષીને આસપાસના ગામના વાહનચાલકોએ કહેલ કે આ રોડ નવો બને તો વધારે સારૂ તો અમારે અમરેલી પહોંચવામાં સરળ પડે. બાદમાં એક વર્ષ પહેલા મુખ્યાજી કુલદીપભાઈ જોષીએ મુખ્યમંત્રી તેમજ પંચાયત મંત્રીને પત્ર લખી ધરાઈથી મોણપુર ગામ સુધીના રોડ નવનીકરણ માટે રજુઆત કરી હતી અને એ રજુઆત મુખ્યમંત્રીએ રજુઆત સાંભળી અને સારો એવો પ્રતિસાદ મળ્યો કે આ રોડ નવનીકરણ કરવા માટે ટૂંક સમયમાં નવી ગ્રાન્ટ ફાળવવામાં આવશે અને કામ ચાલુ કરવામાં આવશે. તો હવે ધરાઈથી મોણપુર ગામ સુધીના રોડની નવનીકરણની કામગીરી ચાલુ થઈ જતા ધરાઈ તેમજ આસપાસના ૧૦ જેટલા ગામના લોકો અને તમામ વાહનચાલકોમા આનંદની લાગણી છવાઈ ગઈ છે.

### ટેકનોલોજીનાં યુગમાં નવી ઉપાધિ આવી

## રાજુલા પોલીસ સ્ટેશનમાં સાયબર ફ્રોડની વધુ એક ફરિયાદ નોંધાઈ

### ૧૨.૨૮ લાખ સાયબર ફ્રોડથી ઉપાડી લીધા

અમરેલી, તા. ૨૨

અમરેલી જિલ્લામાં સાયબર ફ્રોડ કરી નાણાં મેળવી લઈ તે નાણાં સગેવગે કરવાની વધુ એક પોલીસ ફરિયાદ રાજુલા પોલીસમાં નોંધાતાં પોલીસે ધોરણસર કાર્યવાહી હાથ ધરેલ છે.

ભાવનગર ગામે ફાતીમા મસ્જીદની બાજુમાં બાપેશ્રા કુવા શેલારશાહ ચોકમાં રહેતાં સોયબ ગફારભાઈ હબીદાણી તથા ભાવનગર ગામે યાસીન ઉર્ફે માણીયો કરીમભાઈ ઓપયાની નામનાં આરોપીઓએ ભાવનગર ગામે સુભાષનગર પચાસ વાર્યા પાસે રહેતાં અને ફોટોગ્રાફર તરીકે નોકરી કરતાં રોનક દિનેશભાઈ બારૈયા નામનું રાજુલા ખાતે બેંક ઓફ બરોડા શાખામાં કરંટ બેંક એકાઉન્ટ ખોલાવી તેમાં જે રૂપિયાનું ટ્રાન્જેકશન થાય તેનું કમીશન આપવાનું કહી આરોપી રોનક દિનેશભાઈ બારૈયાના એકાઉન્ટ નં. ૩૪૪૬૦૨૦૦૦૦૦૨૨૫ માં ગત તા. ૫/૧૨/૨૪ ના રોજ કોઈપણ પણ સમયે સાયબર હેલ્પલાઈન ૧૯૩૦ના ચાર અરજદારોના ખાતા ધારકોના સાઈબર ફ્રોડના કુલ રૂપિયા ૧૨,૨૮,૦૦૦ એકાઉન્ટમાં જમા કરાવી સાયબર ફ્રોડથી મેળવેલ ચોરીના રૂપિયા બેંકમાંથી ઉપાડી લઈ ત્હોદારોએ પોતાની પાસે રાખી પોતાના આર્થિક ફાયદા સારૂ સાયબર ફ્રોડના રૂપિયા મેળવી લીધાની રાજુલા પોલીસમાં ફરિયાદ નોંધવા પામેલ છે.

રાજકોટ શહેર તેમજ ગ્રામ્ય વિસ્તારમાં કોમર્શિયલ, રેસિડેન્શિયલ, પ્લોટ્સ લેવા–વેચવા ભાડેથી મેળવવા
PRIME PROPERTY
જયદિપ રાયઠઠા
Mo. 93770 03636

પાના ૮ ઉપરનું ચાલું **વેકરિયાએ "અમરેલી એકસપ્રેસ"ની મુલાકાત લીધી**

કાર્ય વધારશે.

તેઓએ 'અમરેલી એકસપ્રેસ'માં સતત પ્રસિધ્ધ થતાં વિકાસલક્ષી અહેવાલોની પ્રશંસા કરીને જણાવ્યું કે, 'અમરેલી એકસપ્રેસ' દૈનિકે અમરેલીનાં વિકાસનું જે સ્વપ્ન જોયું છે. તેને સકાર કરવામાં કોઈ કસર છોડવામાં નહી આવે.

તેઓએ અંતમાં જણાવ્યું કે, અમરેલીનો વિકાસ સૌના સાથ અને સહકારથી કરવામાં આવી રહયો છે અને ઐતિહાસીક શહેરને સુંદર, રળિયામણું બનાવાશે. માર્ગો, પરિવહન, વેપાર, ધંધા, શિક્ષણ, આરોગ્ય, રમત–ગમત, કાયદો અને વ્યવસ્થા સહિત તમામ ક્ષેત્રે ઉત્તમ કામગીરી કરીને જનતાને સુખ, શાંતિ, સમૃદ્ધિ, તંદુરસ્ત અને સુરક્ષાનો અનુભવ કરાવવામાં આવશે તેમ અંતમાં જણાવ્યું હતું.

## અમરેલી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શિંગ મઠડી | ૯૭૦ | ૧૩૧૫ |
| ૨ | ગીરનાર શીંગ | ૧૦૮૦ | ૧૩૩૫ |
| ૩ | શિંગ મોટી | ૯૪૫ | ૧૩૫૬ |
| ૪ | શિંગદાણા | ૧૦૧૦ | ૧૪૨૫ |
| ૫ | તલ સફેદ | ૧૦૬૦ | ૨૩૩૫ |
| ૬ | તલ કાળા | ૨૩૦૦ | ૫૦૯૫ |
| ૭ | બાજરો | ૨૩ણ | ૩૫૧ |
| ૮ | જુવાર | ૫૫૬ | ૧૦૦૦ |
| ૯ | ઘઉં ટુકડા | ૪૬૦ | ૫૫૦ |
| ૧૦ | ઘઉં લોકવન | ૪૩૦ | ૫૪૯ |
| ૧૧ | મકાઈ | ૪૩૫ | ૪૩૮ |
| ૧૨ | મગ | ૫૬૦ | ૭૦૦ |
| ૧૩ | અડદ | ૬૯૦ | ૧૧૮૦ |
| ૧૪ | ચણા | ૭૮૦ | ૧૧૮૦ |
| ૧૫ | સફેદ ચણા | ૯૫૩ | ૧૦૨૨ |
| ૧૬ | છોલે ચણા | ૧૪૩૨ | ૧૬૪૧ |
| ૧૭ | કપાસ | ૯૪૦ | ૧૫૭૧ |
| ૧૮ | એરંડા | ૧૧૫૭ | ૧૩૧૩ |
| ૧૯ | જીરૂ | ૨૧૫૦ | ૩૭૫૦ |
| ૨૦ | રાય | ૧૫૦૦ | ૧૯૫૫ |
| ૨૧ | ધાણા | ૧૨૨૦ | ૧૮૫૦ |
| ૨૨ | અજમા | ૧૬૩૦ | ૨૧૫૦ |
| ૨૩ | મેથી | ૯૦૦ | ૯૪૦ |
| ૨૪ | સોયાબીન | ૭૪૫ | ૮૮૭ |
| ૨૫ | મરચા લાંબા | ૭૦૦ | ૩૬૨૫ |

## ખાંભા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૦૯૦ | ૧૫૩૦ |
| ૨ | મગફળી | ૧૦૭૫ | ૧૩૦૦ |
| ૩ | તલ કાળા | ૩૬૨૫ | ૩૬૨૫ |
| ૪ | ઘઉં | ૫૦૫ | ૫૦૫ |

## સાવરકુંડલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ જીણી | ૧૦૦૦ | ૧૨૮૧ |
| ૨ | શીંગ મોટી | ૧૦૫૦ | ૧૩૪૧ |
| ૩ | તલ સફેદ | ૧૫૦૦ | ૧૯૨૫ |
| ૪ | તલ કાળા | – | ૩૦૦૦ |
| ૫ | જીરૂ | ૩૪૦૦ | ૩૮૦૧ |
| ૬ | કપાસ | ૧૧૦૦ | ૧૫૪૦ |
| ૭ | ઘઉં લોકવન | ૫૧૧ | ૫૭૦ |
| ૮ | ઘઉં ટુકડા | ૫૧૩ | ૬૦૭ |
| ૯ | બાજરો | ૫૧૫ | ૫૩૨ |
| ૧૦ | જુવાર | ૮૫૦ | – |
| ૧૧ | મગ | ૧૨૦૧ | – |
| ૧૨ | અડદ | ૭૫૧ | – |
| ૧૩ | ચણા | ૮૭૦ | ૧૦૩૨ |
| ૧૪ | એરંડી | ૧૧૨૧ | ૧૨૮૬ |
| ૧૫ | મેથી | ૯૪૪ | ૧૦૫૨ |
| ૧૬ | ધાણા | ૧૨૩૩ | ૧૩૮૬ |
| ૧૭ | સોયાબીન | ૭૯૧ | ૮૬૫ |

## બગસરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૦૦૦ | ૧૫૯૩ |
| ૨ | ઘઉં લોકવન | ૪૫૧ | ૫૨૫ |
| ૩ | ઘઉં ટુકડા | ૪૯૭ | ૫૪૫ |
| ૪ | અડદ | ૮૦૦ | ૧૪૭૦ |
| ૫ | ચણા | ૮૦૦ | ૧૦૩૫ |
| ૬ | ધાણા | ૧૬૦૦ | ૧૬૯૫ |
| ૭ | તુવેર | ૯૦૦ | ૧૦૨૦ |
| ૮ | સોયાબીન | ૫૫૦ | ૮૫૬ |
| ૯ | મગફળી | ૭૩૫ | ૧૧૨૦ |
| ૧૦ | તલ સફેદ | ૧૧૨૦ | ૧૭૩૦ |
| ૧૧ | શીંગદાણા | ૭૦૦ | ૧૨૫૦ |
| ૧૨ | લસણ | ૧૩૫૦ | ૧૬૮૦ |
| ૧૩ | એરંડી | ૧૧૧૦ | ૧૧૧૦ |
| ૧૪ | ચણા સફેદ | ૧૦૦૦ | ૧૧૦૦ |
| ૧૫ | મગ | ૧૩૦૦ | ૧૩૦૦ |

## લીલીયા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૧૧૦ | ૧૫૨૬ |

## બાબરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ શંકર | ૧૨૫૦ | ૧૫૮૨ |
| ૨ | કપાસ મીડીયમ | ૧૦૦૦ | ૧૨૪૦ |
| ૩ | મગફળી | ૧૦૧૯ | ૧૪૦૧ |
| ૪ | તલ સફેદ | ૧૬૪૦ | ૧૯૯૦ |
| ૫ | તલ કાળા | ૩૦૨૦ | ૫૧૪૦ |
| ૬ | જીરૂ | ૩૨૩૦ | ૩૯૨૦ |
| ૭ | ઘઉં | ૪૭૫ | ૫૨૫ |
| ૮ | ચણા | ૯૭૦ | ૧૦૮૦ |
| ૯ | અડદ | ૯૩૦ | ૧૦૮૦ |

## રાજુલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ | ૭૫૧ | ૧૨૭૬ |
| ૨ | તલ સફેદ | ૧૫૫૦ | ૨૧૦૦ |
| ૩ | તલ કાળા | ૩૮૦૧ | ૩૮૦૧ |
| ૪ | કપાસ | ૯૦૦ | ૧૫૧૮ |
| ૫ | બાજરો | ૪૦૦ | ૫૪૧ |
| ૬ | ઘઉં ટુકડા | ૪૪૫ | ૬૨૧ |
| ૭ | જુવાર | ૮૦૦ | ૧૦૫૬ |
| ૮ | મકાઈ | ૫૦૬ | ૫૦૬ |
| ૯ | મગ | ૬૦૦ | ૨૮૫૨ |
| ૧૦ | તુવેર | ૧૦૫૦ | ૧૦૫૦ |
| ૧૧ | ચણા | ૫૦૦ | ૯૫૦ |
| ૧૨ | સોયાબીન | ૬૦૦ | ૮૨૬ |

### સાંસદ સુતરીયા અને ધારાસભ્ય તળાવીયાની જહેમતથી

# લાઠીમાં આઝાદીના દાયકાઓ બાદ મહત્વનાં ૨ માર્ગોનુ કરાશે નિર્માણ

### ભાજપ શાસિત પાલિકા દ્વારા માર્ગો કરાશે



અમરેલી, તા. ૨૨

લાઠી શહેરમાં આઝાદી બાદથી વર્ષો સુધી ઉકેલ વિના પડેલા અને નાગરિકોના દૈનિક જીવનને અસર કરતી બે મહત્વપૂર્ણ રોડ સમસ્યાઓનું અંતે ઐતિહાસિક અને સુખદ નિરાકરણ આવ્યું છે. ભાજપ સરકારની વિકાસપ્રતિબદ્ધ નીતિઓ અને સબળ નેતૃત્વના પરિણામે આ સિદ્ધિ પ્રાપ્ત થઈ છે. સાંસદ ભરતભાઈ સુતરીયા તથા ધારાસભ્ય જનક તળ ાવીયાની દ્રઢ ઈચ્છાશકિત, વહિવટી સુઝબુઝ અને સતત પ્રયત્નોથી લાઠીના નાગરિકોને વર્ષો પછી સાચી વિકાસની અનુભૂતિ મળી છે.

લાઠી-કેરીયા રોડ, જે અનેક દાયકાઓથી જનતાનો મોટો પ્રશ્ન બની રહ્યો હતો, તેનું આઝાદી પછી પ્રથમ વખત નવું અને કાયમી નિર્માણ કરવામાં આવ્યું છે. અગાઉ આ રોડની અત્યંત દયનીય હાલતને કારણે સામાન્ય જનતા, ખેડૂતો, વેપારીઓ, વિદ્યાર્થીઓ તેમજ દર્દીઓને લઈ જતાં વાહનોને પણ ભારે મુશ્કેલીઓ ભોગવવી પડતી હતી. અનેક રજૂઆતો અને માંગણીઓ છતાં અગાઉની સરકારો આ પ્રશ્ન ઉકેલવામાં નિષ્ફળ ગઈ હતી, પરંતુ ભાજપ સરકારની સ્પષ્ટ વિકાસદ્રષ્ટિ અને મજબૂત રાજકીય ઈચ્છાશકિતના કારણે આ અશક્ય લાગતો પ્રશ્ન શક્ય બન્યો છે.


ભાજપ પ્રેરિત નગરપાલિકાની બોડીએ સાંસદ ભરતભાઈ સુતરીયા તથા ધારાસભ્ય જનક તળાવીયાના માર્ગદર્શન અને દેખરેખ હેઠળ આ રોડનું ગુણવત્તાસભર નિર્માણ કાર્ય હાથ ધર્યું છે, જેના કારણે હવે નાગરિકોને સરળ, સુરક્ષિત અને સુવિધાજનક પરિવહનની સુવિધા પ્રાપ્ત થઈ છે.

આ ઉપરાંત, લાઠી શહેરના હરીચંદ્ર પરા વિસ્તારમાં પણ રોડનો વર્ષો જૂનો પ્રશ્ન ભાજપ સરકારની સક્રિયતા અને સંવેદનશીલતાથી ઉકેલવામાં આવ્યો છે. અગાઉ અહીં રહેતા લોકો કાદવ, ધૂળ અને અવરજવરની સમસ્યાઓથી પરેશાન હતા, પરંતુ સાંસદ અને ધારાસભ્ય જનક તળાવીયાની અસરકારક રજૂઆતો તથા માર્ગદર્શનથી ભાજપ પ્રેરિત નગરપાલિકાએ આ રોડનું પણ નિર્માણ કરી જનતાને રાહત આપી છે.

આ બંને રોડ લાઠી શહેરના વિકાસ માટે પ્રાણ સમાન હતા. વર્ષો સુધી અવગણના ભોગવતા આ પ્રશ્નોનું ભાજપ સરકાર દ્વારા નિરાકરણ લાવી એ સાબિત કરી દીધું છે કે, જયાં ભાજપ છે ત્યાં વિકાસ છે અને જયાં મજબૂત નેતૃત્વ છે ત્યાં જનહિતના પ્રશ્નોનો ઉકેલ ચોક્કસ મળે છે.

લાઠીના નાગરિકોમાં આ વિકાસકાર્યોને લઈને ભારે ઉત્સાહ અને આનંદનો માહોલ જોવા મળી રહ્યો છે. સ્થાનિક લોકોએ સાંસદ, ધારાસભ્ય તથા ભાજપ પ્રેરિત નગરપાલિકાની બોડીને આભાર વ્યકત કરી જણાવ્યું હતું કે, ભાજપ સરકારના શાસનમાં લાઠી શહેરે વિકાસની નવી દિશા પકડી છે.

# સાવરકુંડલામાં શિયાળાની સવાર : ઠંડી હવા અને આકાશે ભાવનાઓના રંગ





સાવરકુંડલા, તા. ૨૨

સાવરકુંડલા શહેરમાં આજે શિયાળાની સવાર એક અનોખી શાંતિ અને સૌંદર્ય સાથે ઉગતી જોવા મળી. વહેલી સવારે હવામાં ઠંડકનો સ્પર્શ હતો, ભીની હવા અને શાંત વાતાવરણ વચ્ચે આખું શહેર જાણે થોડી ક્ષણો માટે થંભી ગયું હોય એમ લાગતું હતું.

આકાશમાં પિંક, જાંબલી અને નારંગી રંગોની અદ્દભૂત છટાઓ જોવા મળતાં શિયાળાની સવાર વધુ ભાવનાત્મક બની ગઈ. દૂર સુધી ફેલાયેલું આકાશ, વીજ લાઈનોના આકારો અને ધીમે ધીમે ઉજાસ પામતું શહેર આ બધું મળીને એક એવી સવાર સર્જી રહ્યું હતું, જે રોજ જોવા મળતી નથી.ઠંડી હવામાં શાંત રસ્તાઓ, ઝાંખા દેખાતા વૃક્ષો અને આસપાસની નિસ્તબ્ધતા શહેરની રોજિંદી દોડધામથી અલગ એક શાંત ક્ષણનું પ્રતિબિંબ હતી. શિયાળાની આવી સવાર શહેરવાસીઓ માટે માત્ર હવામાન નહીં, પરંતુ મનને સ્પર્શતી લાગણી બની રહે છે.

આ મનોહર અને ભાવનાત્મક દશ્યને કેમેરામાં કેદ કર્યુ છે સાવરકુંડલાના યુવા ફોટોગ્રાફર હર્ષવર્ધન રાઠોડ દ્વારા તેમની નજર અને લેન્સે શિયાળાની સવારની નાજુક લાગણીઓ, આકાશના રંગો અને શહેરની શાંતિને ખૂબ જ સંવેદનશીલ રીતે રજૂ કરી છે.

આ તસવીરો માત્ર એક સવારનું દસ્તાવેજ નથી, પરંતુ સાવરકુંડલાની કુદરતી સુંદરતા, શિયાળાની ઠંડક અને શહેરની શાંતિનો જીવંત અહેસાસ કરાવે છે. આવા દશ્યો શહેરની ઓળખને વધુ સમૃદ્ધ બનાવે છે અને સ્થાનિક ટેલેન્ટને પણ ઉજાગર કરે છે.

### ધારાસભ્ય જનક તળાવીયાએ ખાતમુહૂર્ત કર્યુ

# બાબરાનાં ધરાઈથી મોણપુર માર્ગનું ૧.૫૦ કરોડનાં ખર્ચે નવિનીકરણ

### સ્થાનિક ભાજપનાં આગેવાનો ઉપસ્થિત રહયા





અમરેલી, તા. ૨૨

બાબરા તાલુકાના ધરાઈથી મોણપુર રીસર્ફેસીંગ માર્ગના સર્વાંગી વિકાસ માટે રાજય સરકાર દ્વારા રૂા. ૧.૫૦ કરોડના વ્યયથી નિર્માણ કાર્ય હાથ ધરવામાં આવ્યું છે. આ મહત્વપૂર્ણ માર્ગ પ્રોજેકટનું ખાતમુહૂર્ત ધારાસભ્ય જનકભાઈ તળાવિયાના કરકમલેથી શુભ મુહૂર્તે સંપન્ન થયું.

કાર્યક્રમને સંબોધતા ધારાસભ્યએ જણાવ્યું હતું કે, ગ્રામ્યરસ્તાઓનો વિકાસએ ગ્રામ્ય પ્રગતિનું મુખ્ય પાયુ છે. ધરાઈથી મોણપુર રીસર્ફેસીંગ માર્ગનું સુધારીકરણ પૂર્ણ થતા લોકો માટે મુસાફરી વધુ ઝડપી, સુરક્ષિત અને આરામદાયક બનશે. આ માર્ગ ગ્રામ્ય આર્થિક પ્રવૃત્તિઓને વેગ આપશે, ખેતી-ખરાપત જેવા વ્યવસાયોને બજાર સાથે વધુ સક્ષમ રીતે જોડશે અને ગામોના સર્વાંગી વિકાસમાં પરિવર્તન લાવશે.ધારાસભ્યએ વધુમાં ઉમેર્યુ કે રાજય સરકાર ગ્રામ્ય વિસ્તારોના વિકાસ માટે પ્રતિબદ્ધ છે અને આવનારા સમયમાં પણ આ પ્રકારના અનેક વિકાસ કાર્યો અમલમાં મૂકવામાં આવશે. આ પ્રોજેકટમાંથી મોટી સંખ્યામાં ગ્રામજનોને સીધો લાભ મળશે તથા આસપાસના વિસ્તાર માટે નવો વિકાસમાર્ગ ખુલશે.ખાતમુહૂર્ત પ્રસંગે જીલ્લા ભાજપ મહામંત્રી, તાલુકા ભાજપ પ્રમુખ, તાલુકા ભાજપ મહામંત્રી, પંચાયતના પ્રતિનિધિઓ, ગામના સરપંચ, સ્થાનિક આગેવાનો, કાર્યકર્તાઓ અને મોટી સંખ્યામાં ગામજનો ઉપસ્થિત રહ્યા હતા. સૌએ આ વિકાસકાર્ય માટે આનંદ વ્યક્ત કર્યો અને ધારાસભ્યની પ્રશંસા કરી.આ કાર્યક્રમને સફળ બનાવવા સ્થાનિક જનતાએ ઉત્સાહપૂર્વક સહકાર આપ્યો અને વિકાસયાત્રામાં સતત સાથે રહેવાની પ્રતિબધ્ધતા દર્શાવી.

# અમરેલી : પાણીયા પ્રાથમિક શાળાની વિદ્યાર્થીની બાળપ્રતિમા સ્પર્ધામાં અગ્રેસર



અમરેલી, તા. ૨૨

પાણીયા પ્રાથમિક શાળાની વિદ્યાર્થીની સોજીત્રા જાનવી ચંદ્રેશભાઈનો જિલ્લા કક્ષાની બાળ પ્રતિભા શોધ સ્પર્ધામાં લગ્ન ગીત સ્પર્ધામાં પ્રથમ ક્રમાંક પ્રાપ્ત કરેલ છે તેમજ સહાયક તરીકે કનાળા પ્રાંજલ, સિંધવ શ્રધ્ધા, કુકવાવા જેનીસા લગ્ન ગીતમાં સહભાગી થયા હતા તેમજ શાળાના શિક્ષક ગુણવંતરાય હીરપરાની મહેનતને સમગ્ર શાળા પરિવાર તરફથી ખૂબ ખૂબ અભિનંદન પાઠવીએ છીએ. તેમજ જાન્યુઆરી ૨૦૨૬માં ઝોન કક્ષાએ જામનગર કક્ષાએ જશે. ખૂબ ખૂબ શુભકામનાઓ.

# અમરેલી : આમ આદમી પાર્ટી કાર્યાલય ખાતે સ્થાનિક સ્વરાજ ચુંટણીને લઈ બેઠક યોજાઈ



અમરેલી, તા. ૨૨

અમરેલી ખાતે આવેલ આમ આદમી પાર્ટી અમરેલી મધ્યસ્થ કાર્યાલયમાં સ્થાનિક સ્વરાજ સંસ્થાની આવનારી ચુંટણીઓને ધ્યાનમાં રાખી મહત્વપૂર્ણ બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં આમ આદમી પાર્ટી ગુજરાતના પ્રદેશ સંગઠન મહામંત્રી મનોજભાઈ સોરઠીયા ખાસ ઉપસ્થિત રહ્યા હતા. બેઠક દરમિયાન હોદ્દેદારો, તાલુકા અને શહેર સ્તરના કાર્યકરો સાથે વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી.

મનોજભાઈ સોરઠીયાએ કાર્યકરોને સંબોધન કરતાં જણાવ્યું હતું કે સ્થાનિક સ્વરાજ ચુંટણીએ લોકતંત્રનું મૂળ છે અને તેમાં કાર્યકરોની ભૂમિકા સૌથી મહત્વપૂર્ણ છે. તેમણે સંગઠન મજબૂત કરવાની સાથે બૂથ લેવલ સુધી પહોંચવાની રણનીતિ પર ભાર મૂકયો હતો. લોકોના પ્રશ્નો, સ્થાનિક સમસ્યાઓ અને વિકાસના મુદ્દાઓને આધારે જનતા સુધી પહોંચવાની અપીલ કરવામાં આવી હતી.

બેઠકમાં ચુંટણીલક્ષી આયોજન, ઉમેદવાર પસંદગી, પ્રચારની પધ્ધતિ, તેમજ જનસંપર્ક વધારવા માટેના કાર્યક્રમો અંગે ચર્ચા કરવામાં આવી. કાર્યકરોએ પણ પોતાના વિસ્તારના સૂચનો અને અનુભવો રજૂ કર્યા હતા. સમગ્ર બેઠક ઉત્સાહજનક માહોલમાં સંપન્ન થઈ હતી અને આવનારી સ્થાનિક સ્વરાજ ચુંટણીઓમાં મજબૂત તૈયારી સાથે મેદાને ઉતરવાનો સંકલ્પ લેવામાં આવ્યો હતો.

# અમરેલીમાં પ્રથમ જિલ્લા સ્વાસ્થ્ય પરિષદ યોજાઈ





અમરેલી, તા. ૨૨

સ્થાનિક જાહેર આરોગ્ય સંબંધિત વિવિધ પ્રશ્નો અને પડકારોને લઈને આરોગ્ય શાખા, જિલ્લા પંચાયત અમરેલી દ્વારા પ્રથમ જિલ્લા સ્વાસ્થ્ય પરિષદ રૂપે પરિસંવાદનું આયોજન કરવામાં આવ્યું હતું. આ મહત્વપૂર્ણ પરિસંવાદમાં હિતધારકો, આરોગ્ય અધિકારીઓ, તબીબો, આશા બહેનો, તેમજ વિવિધ વિભાગોના પ્રતિનિધિઓએ ભાગ લીધો હતો. પરિસંવાદમાં રાજયમંત્રી કૌશિકભાઈ વેકરિયાની વિશેષ ઉપસ્થિતિ રહી હતી.પરિસંવાદ દરમિયાન જિલ્લામાં પ્રવર્તમાન જાહેર આરોગ્ય સમસ્યાઓ, માતા-શિશુ આરોગ્ય, કુપોષણ, સંક્રમક રોગો, સ્વચ્છતા, પીવાના પાણીની ગુણવત્તા તેમજ આરોગ્ય સેવાઓને વધુ અસરકારક બનાવવા અંગે વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી. મંત્રીએ જણાવ્યું હતું કે જનસ્વાસ્થ્ય મજબૂત બનશે તો જ સમાજ સ્વસ્થ બનશે અને સરકાર આરોગ્ય સેવાઓને ગ્રામ્ય અને શહેરી સ્તરે વધુ મજબૂત બનાવવા સતત પ્રયાસ કરી રહી છે.આ પરિસંવાદમાં મળેલા સૂચનો અને ચર્ચાના આધારે આવનારા સમયમાં આરોગ્ય સેવાઓમાં સુધારાઓ લાવવાનો સંકલ્પ વ્યક કરવામાં આવ્યો હતો. પ્રથમ જિલ્લા સ્વાસ્થ્ય પરિષદ જિલ્લાની આરોગ્ય વ્યવસ્થાને નવી દિશા આપતી મહત્વપૂર્ણ પહેલ બની રહી.

### ધારાસભ્ય જનક તળાવીયાએ ખાતમુહૂર્ત કર્યુ

# અરે વાહ : બાબરાનાં વલારડી ખાતે નૂતન પંચાયત ભવનનુ નિર્માણ કાર્ય શરૂ

### સ્થાનિક ભાજપનાં આગેવાનો ઉપસ્થિત રહ્યા





બાબરા, તા. ૨૨

બાબરા તાલુકાના વલારડી ગામે ગામના સર્વાંગી વિકાસની દિશામાં એક મહત્વપૂર્ણ કાર્યનો પ્રારંભ થયો છે. ગામની પ્રગતિ, લોકસેવા અને વહીવટી પ્રશાસનને વધુ મજબૂત બનાવવાના હેતુથી નૂતન પંચાયત ભવનના નિર્માણ કાર્યનું ખાતમુહૂર્ત ધારાસભ્ય જનકભાઈ તળાવીયાના વરદ હસ્તે વિધિવત્ રીતે કરવામાં આવ્યું હતું. વલારડી ગામે વર્ષોથી એક સુવિધાસભર અને આધુનિક પંચાયત ભવનની જરૂરિયાત અનુભવાતી હતી, જે હવે સાકાર થવા જઈ રહી છે. આ નવું ભવન નિર્માણ પામવાથી ગ્રામ પંચાયતની કામગીરી વધુ કાર્યક્ષમ બનશે અને ગ્રામજનોને સરકારી યોજનાઓ તેમજ પાયાની સેવાઓ મેળવવામાં વધુ સરળતા અને પારદર્શિતા પ્રાપ્ત થશે. આ આધુનિક ઈન્ફ્રાસ્ટ્રક્ચરથી ગામના વિકાસ સંબંધિત બેઠકો અને આયોજનો માટે યોગ્ય પ્લેટફોર્મ મળશે, જેથી ગ્રામજનોને દૈનિક વહીવટી કામગીરી માટે એક જ છત નીચે તમામ સુવિધા ઉપલબ્ધ થશે.આ પ્રસંગે ઉદ્બોધન કરતાં ધારાસભ્ય જનકભાઈ તળાવીયાએ જણાવ્યું હતું કે, રાજય સરકાર અને તેઓ પોતે ગ્રામ્ય વિસ્તારોના સર્વાંગી વિકાસ માટે હરહંમેશ પ્રતિબદ્ધ છે. ગામડાંઓની આત્મનિર્ભરતા અને સુશાસનને મજબૂત બનાવવા માટે આધુનિક પંચાયત ભવનોનું નિર્માણ અત્યંત આવશ્યક છે. વધુમાં તેમણે ઉમેર્યુ હતું કે, આગામી દિવસોમાં આ વિસ્તારમાં અન્ય વિકાસલક્ષી કાર્યો પણ વેગવંતા બનાવવામાં આવશે જેથી સ્થાનિક સુવિધાઓમાં નોંધપાત્ર વધારો થાય. આ ખાતમુહૂર્ત પ્રસંગે જિલ્લા અને તાલુકા પંચાયતના સદસ્યઓ, તાલુકા ભાજપના પ્રમુખ અને મહામંત્રીઓ, ગામના સરપંચ, સ્થાનિક આગેવાનો, કાર્યકર્તાઓ તેમજ મોટી સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા. સૌએ આ વિકાસ કાર્યને હર્ષભેર વધાવી ધારાસભ્યના સતત પ્રયત્નોની પ્રશંસા કરી હતી.

### આઝાદીના ૭૮ વર્ષ બાદ વ્યાજબી માંગ પુર્ણ કરો

# ભાઈ સા'બ : બાબરામાં એસ.ટી. ડેપોની સુવિધા તો આપો : ચેમ્બર ઓફ કોમર્સ

### પ્રમુખ મુન્નાભાઈ મલકાણે વાહનમંત્રીને પત્ર પાઠવ્યો





બાબરા, તા. ૨૨

બાબરા શહેરને નવી એસ.ટી. ડેપો ફાળવવા બાબતે બાબરા ચેમ્બર ઓફ કોમર્સની રજૂઆત કરવામાં આવી છે સતત બે વર્ષથી રજુઆત કરવામાં આવી રહી છે વહીવટી પ્રક્રિયામાં છે તેવા તંત્ર દ્વારા વળતા જવાબ પત્ર દ્વારા આપવામાં આવે છે.

બાબરા શહેરને નવી એસ.ટી. ડેપો ફાળવવા બાબતે બાબરા ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ મુનાભાઈ મલકાણ દ્વારા ગુજરાત રાજયના માનનીય મુખ્યમંત્રી તથા વાહન વ્યવહાર મંત્રીને લેખિત રજૂઆત કરવામાં આવી છે.

રજુઆતમાં જણાવ્યા મુજબ હાલ બાબરા શહેર તથા આસપાસના વિસ્તારોમાં એસ.ટી. બસ સેવાઓ માટે પૂરતી સુવિધાઓ ઉપલબ્ધ નથી. બસ સ્ટેન્ડ અને ડેપોની અછતને કારણે મુસાફરો, વેપારીઓ, વિદ્યાર્થીઓ તેમજ રોજગાર માટે આવન-જાવન કરતા નાગરિકોને ઘણી અસુવિધાઓનો સામનો કરવો પડે છે. શહેરનો વ્યાપ અને મુસાફરોની વધતી સંખ્યા જોતા નવી એસ.ટી. ડેપો અતિઆવશ્યક બની છે.

નવી એસ.ટી. ડેપો મંજૂર થવાથી બાબરા શહેરને વધુ સુવ્યવસ્થિત અને નિયમિત બસ સેવાઓ મળશે, જેના પરિણામે વેપાર-ઉદ્યોગને પ્રોત્સાહન મળશે તેમજ જનસામાન્યને સલામત, સુલભ અને સમયસર પરિવહન સુવિધા પ્રાપ્ત થશે.

બાબરા ચેમ્બર ઓફ કોમર્સ દ્વારા રાજય સરકારને શહેરના સર્વાંગી વિકાસને ધ્યાનમાં રાખી બાબરા શહેરને તાત્કાલિક નવી એસ.ટી. ડેપો ફાળવવા માટે હકારાત્મક નિર્ણય લેવા વિનંતી કરવામાં આવી છે.

# સા.કુંડલા : સુરક્ષા સંદર્ભે માહિતી દર્શાવતા પેમ્પલેટનું વિતરણ



સાવરકુંડલા, તા.૨૨

ગ્રાહક સુરક્ષા મંડળ સાવરકુંડલા દ્વારા ગ્રાહક સુરક્ષા જાગૃતિ સપ્તાહ અંતર્ગત સાવરકુંડલા શહેરમા આવેલ રેલવે સ્ટેશન પર પ્લેટ ફોર્મ ટિકિટ લઈને સાવરકુંડલા ગ્રાહક સુરક્ષા મંડળ ના રમેશભાઈ હીરાણી તેમજ બિપીનભાઈ પાંધી દ્વારા રેલવે સ્ટેશન પર આવતા જતાં મુસાફરોને ગ્રાહક સુરક્ષા સંબંધિત પેમ્પલેટનું વિતરણ કરવામાં આવ્યું હતું.આ પ્રસંગે ઉપસ્થિત યાત્રીઓ તેમજ તેમને વિદાય આપવા આવેલ સ્વજનો તથા મિત્રોને પણ બેંક લોકરના નિયમો સંબંધિત માહિતી દર્શાવતાં પેમ્પલેટનું વિતરણ કરવામાં આવ્યું અને ગ્રાહક જાગૃતિ સંદર્ભે પ્રાથમિક વિગત આપવામાં આવી આ તકે રેલવે સ્ટેશન માસ્તર ટિકિટ વિતરણ વિભાગ રીઝર્વેશન વિભાગમાં કામ કરતાં કર્મચારીઓની મુલાકાત પણ ગ્રાહક સુરક્ષા મંડળના પ્રતિનિધિઓ દ્વારા લેવામાં આવી અને તેમને પણ ગ્રાહક સુરક્ષા જાગૃતિ સંદર્ભે પેમ્પલેટનું વિતરણ પણ કરવામાં આવ્યું.

## શાખાનાં પુષ્પો

એક વખત સંઘના દ્વિતીય સંઘચાલક ગુરૂજી અને પંજાબના એક મોટા લશ્કરી અમલદાર વચ્ચે મુલાકાત થઈ. તેમણે ગુરૂજીને પૂછયું, 'સંઘમાં વિશેષ કરીને અપાતું ખાસ શિક્ષણ કયું છે? ગુરૂજીએ કહ્યું, ' ખેલવા - કુદવાનું અને ગાવાનું. તેમણે કહ્યું, 'એવું તે કંઈ હોય ? તેનાથી વધારે કંઈક હોવું જ જોઈએ. કારણ, હું અંગત રીતે જાણું છું કે દેશના ભાગલાનાએ ભયાનક દિવસો દરમિયાન, અમારી સેનાના શિસ્તબદ્ધ જવાનો કરતા પણ સંઘના સ્વયંસેવકો વીરતા અને સ્વાપર્ણમા આગળ હતા. હું એ પણ જાણું છું કે આપણા લોકોનું રક્ષણ કરતા ઘણાઓએ સ્વખુશીની જિંદગીઓ હોમી દીધી છે. આવા મર્દ માનવી બનાવી શકતા વિશિષ્ટ શિક્ષણની જાણકારી મેળવવા હું ઉત્સુક છું.

રજુઆત **શ્રી અર્જુન ગઢિયા** અમરેલી

ગુરૂજીએ તેને શાખાની કાર્યપદ્ધતિ જણાવી કહ્યું, 'અમારા બધા પ્રશિક્ષણનો સમાવેશ કબડ્ડીમાં થઈ જાય છે. પેલા અમલદાર આ સાંભળી આશ્ચર્યચકિત થઈ ગયા.**સોડમ :** એક સામાન્ય રમત પણ જો માતૃભૂમિના સમર્પણ ભાવથી રમવામાં આવે તો તેમાં વ્યક્તિનો સૈનિકો જેવો વિકાસ ચોક્કસ થઈ શકે છે.

જિલ્લાના મુખ્ય મથક ખાતે પીજીવીસીએલની લાઈન અન્ડર ગ્રાઉન્ડ કરાશે

# અમરેલી પંથકની વિકાસ ભૂખ પુર્ણ કરી દેવાશે : રાજયમંત્રી કૌશિક વેકરિયાએ ''અમરેલી એક્સપ્રેસ''ની મુલાકાત લીધી

## આધુનિક સર્કલ, શહેર ફરતો રીંગ રોડ, સ્વચ્છતા, શૌચાલય, માર્ગોની પણ સુવિધા વધશે



અમરેલી, તા. ૨૨

અમરેલીના ધારાસભ્ય અને રાજયના ઉર્જા મંત્રી કૌશિક વેકરિયાએ શનિવારે સાંજે 'અમરેલી એક્સપ્રેસ' કાર્યાલયની શુભેચ્છા મુલાકાત લીધી હતી.

તેઓએ 'અમરેલી એક્સપ્રેસ'ના તંત્રી મનોજ રૂપારેલને ખાત્રી આપી છે કે આગામી ૨ વર્ષમાં જિલ્લાનું મુખ્ય મથક સુંદર અને રળિયામણું બનાવીને અન્ય માળખાકિય સુવિધાઓ પણ ઉભી કરી દેવાશે.

વધુમાં જણાવ્યું કે, અમરેલી શહેર ફરતે રીંગ રોડ બનાવવાની સાથે શહેરમાં પીજીવીસીએલની તમામ લાઈનોને ૧૮૭ કરોડના ખર્ચે અંડર ગ્રાઉન્ડ કરી દેવાશે, શહેરના મહત્વનાં જાહેર સ્થળોએ જાહેર શૌચાલયનું નિર્માણ કરાશે. શહેરમાં આધુનિક સર્કલનું નિર્માણ કરાશે. સ્ટ્રીટલાઈટનો ઝગમગાટ ઉભો કરાશે, સ્વચ્છતાનું

અનુસંધાન પાના ૬ ઉપર


શહેરમાં શ્રેષ્ઠ, સ્વાદમાં સર્વશ્રેષ્ઠ એકમાત્ર સ્થળ
The King of catcring service
શ્યામ કેટરર્સ
અરજણભાઈ પટેલ
મો. ૯૮૨૫૦ ૫૯૭૮૩
જયેન્દ્ર પટેલ
મો. ૯૯૮૭૦ ૪૭૨૯૫
SHYAM Caterers
સ્પે. ગુજરાતી થાળી
શુધ્ધ ઘી માં તરબોળ ફ્રાયફ્રુટ ચુરમાનાં લાડુ
શીંગતેલમાં રજવાડી ઉંધીયુ
અમારી સ્પે.બે પડવાળી રોટલી
શ્યામ ડાઈનીંગ હોલ એ.સી.હોલ
પાર્સલ સુવિધા ઉપલબ્ધ MO.80000 86331
સ્થળ : એસ.ટી. ડેપો સામે, પહેલા માળે, અમરેલી-૩૬૫૬૦૧ ફોન : (૦૨૭૯૨) ૨૩૩૪૪૫

Krishna DINING HALL
ક્રિષ્ના ડાઈનીંગ હોલ
પહેલો માળ, હિરકબાગ શોપીંગ સેન્ટર, જુના માર્કેટીંગ યાર્ડ સામે, અમરેલી. - ૩૬૫૬૦૧ (ગુજ.)
ફોન નં. ૦૨૭૯૨ - ૨૩૩૪૪૬
હેડ ઓફિસ : ક્રિષ્ના કેટરર્સ, કેરીયા રોડ, ભોજલપરા, અમરેલી.
રમેશભાઈ આર. શિંગાળા ૯૮૨૫૫ ૪૬૯૦૨

naari IVF
''નવી આશા, નવી યાત્રા''
અમે તકનીકી દ્રષ્ટિએ અદ્યતન IVF સારવાર અને સંપૂર્ણ મેડિકલ માર્ગદર્શન આપીને દંપતિઓને માતા-પિતા બનવાનો અવસર પ્રદાન કરીએ છીએ..
નારી હોસ્પિટલ
જુના પાંચ માળીયાની બાજુમાં, વિજય આર્ટસની સામે, માણેકપરા, અમરેલી.
Mo.78620 37707



NCT
NETRA CHIKITSA AYURVED COLLEGE
CHITTAL ROAD, AMRELI, GUJARAT 365601
REQUIREMENT OF TEACHING STAFF
Netra Chikitsa Ayurved College invites applications for the following
TEACHING STAFF for BAMS Course

| Subject | Assistent Prof. | Associate Prof. | Prof. |
|---|---|---|---|
| Kaya chikitsa | 0 | 0 | 1 |
| Kaumar bhritya | 2 | 0 | 0 |
| Prasuti Tantra Evum Stri roga | 2 | 0 | 1 |
| Shalya Tantra | 2 | 0 | 0 |
| Shalakya Tantra | 1 | 0 | 0 |
| Samhita Evum Siddhanta | 2 | 0 | 0 |
| Dravya Guna | 1 | 0 | 0 |
| Rachana Sharir | 0 | 1 | 0 |
| Panchakarma | 2 | 1 | 0 |
| Roga Nidana | 0 | 1 | 0 |

1) Above mentioned post is on regular basis.
2) Educational qualification and Experience required(If) are as per the Recrutment Rules of Gujarat Ayurved University, Jamnagar & NCISM norms.
3) Detailed adverlisement, recrutment rules and other details can be found on https://www.nctayaurvedacollege.in/
4) Submission of last date is 07/01/2026.
5) Contact No. 97461 13833
Email : netramayu@gmail.com

Dt. 23-12-2025
Netra Chikitsa Ayurved College
Chittal Road, Amreli, Gujarat
365601
Magagement
Netra Chikitsa Trust



LG Life's Good.
Not just any AI Smart TV
NEXT-GEN LG AI TV
GST 28% >>> 18%
LG OLED evo AI
α11 4K AI Processor Gen2 | Dolby VISION·ATMOS | webOS Re:New Program | AI Voice ID Chatbot | Powered by Microsoft Copilot
Festive Offers
3 YEAR WARRANTY (On Select LG TVs)
Up to 26% CASHBACK Max ₹26000 ON SELECT CREDIT / DEBIT CARDS
Up to 30% OFF ON LG SOUNDBAR (With Select 4K TVs)
*T&C Apply
LG BEST SHOP
મુકુંદરાય એન્ડ બ્રધર્સ
કારકેર સેન્ટર સામે, ચક્કરગઢ રોડ, અમરેલી
Mo.94081 59606 / 99747 72377
VISIT LG BEST SHOP FOR ATTRACTIVE CASH BACK



Sheetal ICE CREAM
WE ARE HIRING
JOIN INDIA'S MOST TRUSTED FMCG BRAND
• Franchise Development Manager - 1
Experience : 1-2 Years
• Sales & Marketing Officer - 2
Experience : 1-2 Years
• Night Billing Executive - 2
Experience : 1-2 Years
• Reporting Manager - 2
Experience : 1-2 Years
• Junior Accountant - 1
Experience : 1-2 Years
• Trainer – 1
Experience : 1-2 Years
Location :
Amreli
hrscpl1987@gmail.com
+91 95109 59957



આમ આદમીનું અખબાર
અમરેલી એક્સપ્રેસ
amreli express
આપના માટે લાવી રહ્યું છે લવાજમ યોજના




સચોટ-સટીક
સાતત્યસભર દૈનિક
વાર્ષિક
લવાજમ યોજના
૨૦૨૬
લવાજમ ભરો માત્ર ₹ ૮૯૯/-
અને મેળવો આખું વર્ષ અમરેલી એક્સપ્રેસ...

એજન્ટ/પત્રકારની
નિમણુંક કરવાની છે
અમરેલી જિલ્લાનાં સર્વાધિક લોકપ્રિય દૈનિક ''અમરેલી એક્સપ્રેસ''નું નિયમિત ડોર ટુ ડોર વેચાણ કરાવી શકે, સ્થાનિક સમાચારો મોકલી શકે અને જાહેરખબરનું કલેકશન કરી શકે તેવા વ્યકિતઓની રાજુલા, વીજપડી, સા.કુંડલા, દામનગર, વડિયા, ધારી, ખાંભા, નાગેશ્રી, ટીંબી, ડુંગર, ડેડાણ, લાઠી સહિતના ગામોમાં નિમણુંક કરવાની હોય, જે કોઈ વ્યકિત ''અમરેલી એક્સપ્રેસ'' સાથે જોડાવવા ઉત્સુક હોય તેઓએ નીચેના સ્થળે/સમયે રૂબરૂ અથવા મોબાઈલથી સંપર્ક કરવા જણાવામાં આવે છે.
લવાજમની મુદ્દત
તા.૦૧–૦૧–૨૦૨૬
થી
તા.૩૧–૧૨–૨૦૨૬
www.amreliexpress.com
e-mail : amreliexpress7@gmail.com
કાર્યાલય : અમરેલી જીલ્લા મધ્યસ્થ બેંક પાછળ, અમરેલી. ફોન : (૦૨૭૯૨) ૨૨૮૪૨૨, મો. ૯૮૨૫૦૦૭૪૪૩


*પીઆરબી એકટ હેઠળ સમાચાર સંપાદન માટે જવાબદાર Publisher, Owner & Editor : *Manoj H. Rupareliya, Printed at Aajkaal Pri. Press,Rajputpara B/h Shell petrol Pump, Rajkot, Place of Publication Amreli Express, Under Hariom guest house, AMRELI..(Gujarat)